dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 333 | AD - 2024, Bhadarva Sud - 04 | Saturday, Dt.07-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રધાનમંત્રી મોદીએ ગુજરાતની ધરતીથી જળસંચય, જનભાગીદારી પહેલ શરૂ કરી

# દેશવાસીઓ સંકટ સમયે ખભે ખભા મિલાવી ઉભા રહે છે : પ્રધાનમંત્રી મોદી

નવીદિલ્હી,તા.૦૬

વડાપ્રધાને ગુજરાતમાં જળ સંચય, જનભાગીદારી પહેલ શરૂ કરી. વડાપ્રધાન આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે 'આ એક ખૂબ જ મહત્વપૂર્ણ પહેલ છે, જે ગુજરાતની ધરતીથી શરૂ થઈ રહી છે. જલ શક્તિ મંત્રાલયે આ પહેલ શરૂ કરી છે. તાજેતરના દિવસોમાં દેશના ખૂણે-ખૂણે ભારે વરસાદે તબાહી મચાવી છે. દેશનો ભાગ્યે જ કોઈ એવો ભાગ હશે જેણે આ કુદરતી આફતને કારણે સંકટનો સામનો ન કર્યો હોય. આ વખતે ગુજરાતને પણ ભારે સંકટનો સામનો કરવો પડ્યો હતો. આ કુદરતી આફતના સમયમાં આપણી મદદ કરવા માટે આપણા તમામ તંત્રમાં પણ એટલી ક્ષમતા નથી, પરંતુ ગુજરાતના લોકોને અને અન્ય દેશવાસીઓને આ આદત છે કે સંકટના સમયે દરેક વ્યક્તિ ખભે ખભા મિલાવીને ઉભા રહે છે. વડાપ્રધાને કહ્યું કે 'જળ સંરક્ષણ એ માત્ર એક નીતિ નથી પરંતુ તે એક પ્રથા છે. આ પણ આપણી જવાબદારી છે. જ્યારે ભાવિ પેઢીઓ આપણું મૂલ્યાંકન કરશે, ત્યારે પાણી પ્રત્યેનું આપણું વલણ એ પ્રથમ વસ્તુ હશે જે ભાવિ પેઢીઓનું મૂલ્યાંકન કરશે. તે જીવન અને મૃત્યુનો પ્રશ્ન છે અને તે માનવતાના ભવિષ્યનો



પ્રશ્ન છે. તેથી, અમે સાતત્યપૂર્ણ વિકાસ માટે જે નવ ઠરાવો રજૂ કર્યા છે, તેમાં જળ સંરક્ષણ એ પ્રથમ ઠરાવ છે. વડાપ્રધાને કહ્યું, 'જળ સંરક્ષણ, પ્રકૃતિ સંરક્ષણ... આપણા માટે નવા શબ્દો નથી. આ ભારતની સાંસ્કૃતિક ચેતનાનો એક ભાગ છે. આપણે એ સંસ્કૃતિના લોકો છીએ, જ્યાં પાણીને ભગવાનનું સ્વરૂપ કહેવામાં આવે છે. નદીઓને દેવી માનવામાં આવતી હતી અને તળાવોને મંદિરનો દરજ્જો મળ્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'મેં સરદાર સરોવર ડેમને પૂર્ણ કરવાનો પડકાર ઝીલ્યો અને અનેક પડકારો અને અવરોધો છતાં ગુજરાતમાં જળ સંરક્ષણની પહેલ શરૂ કરી. શરૂઆતમાં, અમારા વિરોધીઓ અમને ટોણા મારતા હતા કે પાઈપ નાખવામાં આવશે તે પાણીને બદલે હવા આપશે, પરંતુ અમારી મહેનતનું ફળ મળ્યું અને હવે આખી દુનિયા તે જોઈ રહી છે. વડાપ્રધાને કહ્યું કે મેં દેશવાસીઓને અપીલ કરી છે કે તેઓ પર્યાવરણની જાળવણી માટે તેમની માતાના નામે એક વૃક્ષ વાવે. જ્યારે વૃક્ષો વાવવામાં આવે છે ત્યારે ભૂગર્ભ જળનું સ્તર વધે છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં દેશમાં માતાના નામે કરોડો વૃક્ષો વાવવામાં આવ્યા છે. આવા અનેક અભિયાનો અને સંકલ્પો છે, જે આજે ૧૪૦ કરોડ દેશવાસીઓની ભાગીદારીથી જન આંદોલન બની રહ્યા છે.



શ્રદ્ધાંજલી

પ્રિય બાપુજી.........

તમારી યાદ આજે પણ હૃદયમાં જીવંત છે,
તમે જે પ્રેમ અને સંસ્કાર આપ્યા. તે અમારે માટે અમૂલ્ય વારસો છે.
તમે અમને દરેક પરિસ્થિતિમાં મજબૂત રહેવું શીખવ્યું.
અને આજે પણ તમારા વાત્સલ્યની છાંયામાં પોતાને સુરક્ષિત મહેસૂસ કરીએ છીએ.
તમારા જ્ઞાન અને માર્ગદર્શન અમને જીવનભર પ્રેરણા આપશે.
હંમેશા અમારું હૃદય તમારી યાદોમાં ભરેલું રહેશે.

સ્વ.રવજીભાઈ ડુંગરભાઈ ચોવટીયા
ગો.વા. તા. ૨૯/૮/૨૪ શ્રાવણ વદ અગિયારસને ગુરૂવાર

લી.
પ્રેમ સાથે તમારી દીકરીઓ
ગીતા અને જાગુના જયશ્રી કૃષ્ણ
ભાણેજ : ઝીલ, કાવ્યા, યથાર્થ, તીર્થ

# રિપોર્ટ : ભારતમાં દુષ્કર્મના ૧૦માંથી ૭ કેસોમાં આરોપીઓને કોઈ સજા થતી નથી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૦૬

કોલકાતામાં મહિલા તબીબ પર બળાત્કાર અને હત્યાની ઘટના બાદ દેશભરમાં ફેલાયેલા જનાક્રોશ વચ્ચે એવો ચોંકાવનારો આંકડાકીય રિપોર્ટ જાહેર થયો છે કે ભારતમાં બળાત્કારનાં ૧૦ માંથી ૭ કેસોમાં આરોપીઓને કોઈ સજા થતી નથી. ભારતમાં ૨૦૨૨ માં બળાત્કારના ૩૨૦૦૦ કેસ નોંધાયા હતા. ૧૩૦૦૦ જુના કેસ પેન્ડીંગ હતા એટલે પોલીસને આવા ૪૫૦૦૦ કેસોની તપાસ કરવાનો પડકાર હતો. આરોપીઓને સજા કરવાને લાગેવળગે છે ત્યાં સુધી આખા વર્ષમાં ૪૫૦૦૦ માંથી માત્ર ૨૬૦૦૦ કેસોમાં આરોપનામા (ચાર્જશીટ) દાખલ થયા હતા. જે ટકાવારીની દ્રષ્ટિએ ૬૦ ટકાથી પણ ઓછા હતા. ૨૦૨૨માં જ નોંધાયેલા તમામ કેસોમાં પણ ચાર્જશીટ થઈ શકયા ન હતા. માત્ર બળાત્કાર જ નહિં, મહિલાઓ સામે અત્યાચારના જુદા જુદા ૧૧ પ્રકારના કેસોમાં પણ સમાન હાલત હતી. બળાત્કાર જેવા જઘન્ય અપરાધ છતાં ચાર્જશીટ ન થવા કે આરોપી છુટી જવા મામલે પોલીસની ઢીલી નબળી તપાસને જવાબદાર ગણવામાં આવે છે. બે લાખ કેસો ટ્રાયલ પર હતા તેમાંથી માત્ર ૧૮૦૦૦ કેસોની જ ટ્રાયલ પૂર્ણ થઈ શકી હતી.

ભારતમાં ૧૫૦૦ માંથી દર એક મહિલા કોઈને કોઈ ગુન્હાહીત અત્યાચારનો ભોગ બને છે. ભારતમાં મહિલાઓની વસતીના ધોરણે દર એક લાખે ૬૬.૪ મહિલાઓ અત્યાચારનો ભોગ બને છે. જોકે નહીં નોંધાતા ગુનાની સંખ્યા ઘણી વધારે હોવાનું અનુમાન છે. મહિલાઓ માટે અસુરક્ષીતની શ્રેણીમાં ગણાતા પાટનગર દિલ્હીમાં ૨૦૨૨ માં દર એક લાખે ૧૫૦ મહિલાઓ પર અત્યાચારનાં કેસ દાખલ થયા હતા. અર્થાત ૭૦૦ માંથી એક મહિલા અત્યાચારનો ભોગ બની હતી અને દેશભરમાં આ પ્રમાણ સૌથી વધુ છે.



# સા.કુંડલામાં ગુજરાત ગેસના કોન્ટ્રાક્ટરોની બેદરકારીથી નાગરિકો તોબા પોકારી ઉઠ્યા

સા.કુંડલા, તા.૦૬



છેલ્લા બે વર્ષથી સાવરકુંડલા શહેરમાં ગુજરાત ગેસના કોન્ટ્રાક્ટરો દ્વારા ચાલી રહેલી રસોઈ ગેસ કનેક્શનની કામગીરી વિવાદનું કેન્દ્ર બની છે. શહેરના વિવિધ વિસ્તારોમાં અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન ખોદવામાં આવેલા રસ્તાઓ અને ત્યાં પડેલા ખાડાઓએ નાગરિકોની મુશ્કેલીઓ વધારી દીધી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, કેટલાક વિસ્તારોમાં બે વર્ષથી વધુ સમયથી રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું નથી. હાથસણી રોડ પર આવેલી અનેક સોસાયટીઓમાં ગેસ પાઈપલાઈન નાખવામાં આવી છે અને ગ્રાહકોએ પૈસા પણ ચૂકવ્યા છે, પરંતુ હજુ સુધી તેમને ગેસ કનેક્શન આપવામાં આવ્યા નથી. આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લેતા, કેટલાક નગરપાલિકા સભ્યોએ પોતાના ખર્ચે રસ્તાઓનું સમારકામ કરાવ્યું છે. જોકે, આ સમસ્યા વ્યાપક સ્તરે હજુ પણ યથાવત છે. સ્થાનિક લોકોએ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, "શું આ જ વાઈબ્રન્ટ વિકાસની પરિભાષા છે?" તેમણે આ સમસ્યાના નિરાકરણ માટે સત્વરે પગલાં લેવાની માંગ કરી છે.

# સા.કુંડલામાં ગટર સમસ્યાના નિરાકરણ માટે કોંગ્રેસ નેતાએ કરી ઉગ્ર રજૂઆત

સાવરકુંડલા, તા.૦૬



અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના અનુસૂચિત જાતિ વિભાગના અધ્યક્ષ હસમુખ બગડાએ સાવરકુંડલા નગરપાલિકાના મુખ્ય અધિકારીને એક મહત્વપૂર્ણ સમસ્યા અંગે લેખિત રજૂઆત કરી છે. આ રજૂઆત જેસર રોડ પર આવેલી નંદીગ્રામ સોસાયટી નજીકની ગટરની સમસ્યાને કાયમી ધોરણે ઉકેલવા માટે કરવામાં આવી છે. બગડાએ જણાવ્યું કે વોર્ડ નંબર ૮માં આવેલી આ સોસાયટીમાં વારંવાર ગટર ઉભરાવાની સમસ્યા સર્જાય છે. નગરપાલિકા દ્વારા આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કરવામાં આવતા પ્રયાસો અપૂરતા અને અસ્થાયી સાબિત થયા છે. તેમણે આગળ કહ્યું કે આ પરિસ્થિતિ સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓ માટે મોટી મુશ્કેલીઓ ઊભી કરે છે. કોંગ્રેસ નેતાએ નગરપાલિકાને વિનંતી કરી છે કે આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે, જેથી સ્થાનિક લોકોને મૂળભૂત સુવિધાઓ મળી રહે અને તેમને વારંવાર થતી અગવડમાંથી મુક્તિ મળે.

# સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી કોલેજમાં શિક્ષક દિવસ ઉજવાયો

અમરેલી, તા.૦૬



સા.કુંડલામાં આવેલી શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં પ્રિન્સીપાલ ચાવડાનાં માર્ગદર્શન હેઠળ શિક્ષક દિન ઉજવાયો હતો. જેમાં કુલ ૩૫ બહેનોએ ભાગ લીધો હતો. મેવાડા મૈત્રીએ પ્રિન્સીપાલની ભૂમિકા નિભાવી હતી. તેમજ વાઈસ પ્રિન્સીપાલની ભૂમિકા ચૌહાણ આશિયાએ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેતા અસ્મિતા અને મહેતા પ્રાર્થનાએ કર્યું હતું.

# સાવરકુંડલા માર્કેટ યાર્ડ ખાતે 'જળસંચય જન ભાગીદારી યોજના' કાર્યક્રમનું લાઈવ પ્રસારણ થયું

સાવરકેંડલા, તા.૦૬




આજે સાવરકુંડલા માર્કેટ યાર્ડ ખાતે 'જળસંચય જન ભાગીદારી યોજના' કાર્યક્રમ નિહાળવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જિલ્લા ભાજપ અમરેલી અને કિસાન મોરચા સાવરકુંડલા દ્વારા આ કાર્યક્રમનું સંયુક્ત આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી દીપકભાઈ માલાણીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા સહિતના હાજર રહ્યા હતા.

# ખાંભાના ચતુરી ગામે પગ લપસતાં કૂવામાં ખાબકતાં યુવકનું મોત

**યુવક ખેતરે મોટર ચાલુ કરવા જતાં પગ લપસી જવાથી કૂવામાં ડૂબી જવાથી મરણ પામ્યો**

ખાંભા, તા.૦૬

ખાંભાના ચતુરી ગામે વાડીએ મોટર ચાલુ કરવા જતાં પગ લપસવાથી કૂવામાં ખાબકેલા યુવકનું મોત થયું હતું. બનાવ અંગે ભાવેશભાઈ બાલુભાઈ ભુકણ (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, રાજુભાઈ બાલુભાઈ ભુકણ (ઉ.વ.૨૪) વાડી ખેતરે મોટર ચાલુ કરવા જતાં અકસ્માતે પગ લપસી જવાથી કૂવાના ઉંડા પાણીમાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**નીચાણવાળા વિસ્તારના લોકોને નદીના પટમાં અવરજવર નહી કરવા સૂચના**

# અમરેલીના ઠેબી ડેમના દરવાજા ગમે ત્યારે ખોલાશે

અમરેલી,તા.૦૬

અમરેલી ગામ પાસે ઠેબી નદી પર આવેલ ઠેબી સિંચાઈ યોજના અન્વયે ડેમમાં પાણી પૂર્ણ સપાટી સુધી ભરાતા રુલ લેવલ જાળવવા માટે ગમે તે સમયે દરવાજા ખોલવામાં આવશે. આથી નીચાણવાળા વિસ્તારના અમરેલી, પ્રતાપપરા, ફતેપુર અને ચાંપાથળ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને નદીના પટ કે કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા અનુરોધ છે. હાલની સ્થિતિએ, જળાશયનું લેવલ ૧૨૪.૫૦ મીટર, ઉંડાઈ ૩.૯૦ મીટર, જથ્થો ૫૭૧૫૦ એમ. ક્યુમ, જીવંત જથ્થો ૫.૦૪૭૬ એમ.ક્યુમ છે. જળાશયમાં હાલમાં પાણીની આવક ૨૭૮ ક્યુસેક અને આઉટફ્લો ૦૦ છે. જળાશયના ડિઝાઈન સ્ટોરેજ ૫.૭૧૫૦ અને ડિઝાઈન સ્ટોરેજ પાણીની ટકાવારી ૫૩.૬૬ ટકા છે, તેમ અમરેલી જળસિંચન વિભાગના, અમરેલી ફ્લડસેલ વાયરલેસના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

# પટેલ સંકુલની વિદ્યાર્થિનીઓએ યુનિ.ની પરીક્ષામાં પ્રથમ ૧૦મા સ્થાન મેળવ્યું

અમરેલી, તા.૦૬



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં M.Sc.(BT) સેમ-૪ની પરીક્ષામાં પ્રથમ દસમાં પટેલ સંકુલની ચાર વિદ્યાર્થિનીઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વિદ્યાર્થિનીઓમાં યુનિવર્સિટી કક્ષાએ ગોલકીયા જાન્વી મહેન્દ્રભાઈ (પ્રથમ), આદેસરા ધ્વનિ સુધીરભાઈ (બીજુ), પટેલ માર્ગી નિતીનકુમાર (ચોથું), વઘાસીયા નિરાલી કિશોરભાઈએ (પાંચમું) સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સિવાય M.Sc.(Micro)ના સેમ.-૪ની પરીક્ષામાં સંકુલની એક વિદ્યાર્થિની પરમાર કિંજલ પરશોતમભાઈએ દસમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ તમામ વિદ્યાર્થિનીઓ અને સ્ટાફને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બગસરા શહેરમાં ધાણક સ્કૂલ દ્વારા શિક્ષક દિવસની અનોખી ઉજવણી

બગસરા,તા.૦૬



શિક્ષક દિવસ નિમિત્તે બગસરાની બે પ્રખ્યાત શાળાઓએ અનોખી રીતે ઉજવણી કરી હતી. ધાણક સ્કૂલ અને જનતા કન્યા વિદ્યાલયે વિવિધ કાર્યક્રમો દ્વારા શિક્ષકોનું સન્માન કર્યું હતું. ધાણક સ્કૂલમાં શિક્ષકો દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને અન્ય વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું હતું. આ અંગે શાળાના આચાર્યા કીર્તિબેન પરમારે જણાવ્યું કે, "અમારી શાળામાં શિક્ષક દિવસની ઉજવણી દરમિયાન શિક્ષકોએ હવન કર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા નિભાવી હતી, જે એક અનોખો અનુભવ હતો." બીજી તરફ, જનતા કન્યા વિદ્યાલયમાં પણ શિક્ષક દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે, સ્થાનિક પોલીસ સ્ટેશનના પીઆઈએ શાળાની મુલાકાત લીધી હતી.

# લીલીયામાં વિનામૂલ્યે નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

લીલીયા, તા.૦૬



ગુરુવારના રોજ ઉમિયા માતાજી મંદિર, લીલીયા મુકામે અગિયારમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટા, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો હતો. મુંબઈના રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર તરફથી પ્રાપ્ત થયેલ આર્થિક સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનું ઉદ્‌ઘાટન ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત અને લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ મનોજભાઈ કાનાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.







શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ વેચનાર સામે કાર્યવાહી

# અમરેલી જિલ્લામાં તમાકુના નિયમોના ભંગ બદલ ૧૪ કેસ, રૂ.૨૧૨૦નો દંડ

અમરેલી,તા.૦૬

અમરેલી ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત એન્ફોર્સમેન્ટ સ્ક્વોડ ટીમ દ્વારા તમાકુ વિક્રેતાઓની આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ – આરોગ્ય શાખા, પોલીસ વિભાગ, પ્રાથમિક તેમ જ માધ્યમિક શિક્ષણ વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન સહિતની કચેરીઓની સંયુક્ત ટીમ દ્વારા તપાસ કરવામાં આવે છે. આકસ્મિક તપાસમાં, તમાકુ વેચાણકર્તા લારી-ગલ્લા પર તમાકુ વેચાણ અંગેના સૂચક બોર્ડ ન દર્શાવવામાં આવ્યા હોય, શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુની બનાવટોનું વેચાણ થતું હોય, જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું સેવન થતું હોય, ઈ-સિગારેટનું વેચાણ-સંગ્રહ-ઉપયોગ થતો હોય, તમાકુની બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત થતી હોય, નિર્દિષ્ટ આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી વિના તમાકુની બનાવટોનું વેચાણ થતું હોય તે તમામ બાબતોને આવરી લેવામાં આવે છે. તમાકુ ઉપયોગના નિયંત્રણ માટે આ બાબત માટે ૧૪ કેસમાં રુ. ૨૧૨૦ દંડ વસૂલવામાં આવ્યો હતો.

ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે વોટરશેડ અને આરોગ્ય સબ સેન્ટરનું

# મોટા ભંડારીયા અને બાબાપુર ગામે વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

**નાગરિકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે**

અમરેલી,તા.૦૬

અમરેલી-કુંકાવાવ-વડીયાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી તાલુકાના મોટા ભંડારીયા અને બાબાપુર મુકામે વોટરશેડ અને આરોગ્યના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. મોટા ભંડારીયા ખાતે ચેકડેમ પહોળો કરવાના, તળાવ સહિતના રુ. ૨૧.૯૪ લાખના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળના ૦૭ કામોનું ખાતમુહૂર્ત થયું હતું. જળસિંચનના આ કાર્યો સંપન્ન થવાથી આસપાસના વિસ્તારોના પાણીના તળ ઉંચા આવશે અને કૃષિકારો તેમજ સ્થાનિકોને સિંચાઈના પાણીનો લાભ મળશે. અમરેલી તાલુકાના બાબાપુર મુકામે અંદાજે રૂ. ૨૫ લાખના ખર્ચે તૈયાર થનારા આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહૂર્ત થયું હતું. નાગરિકોને આરોગ્યની સેવાઓ ઘરઆંગણે મળી રહેશે. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ વિકાસ કામોમાં ગુણવત્તા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિતોને સૂચન કર્યુ હતું.



રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી વિવિધ યોજનાઓના માધ્યમથી વિકાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે આ કામો સંપન્ન થવાથી સુખાકારીમાં વધારો થશે. આ કાર્યક્રમમાં નાના ભંડારીયા તેમજ બાબાપુર મુકામે જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન, સરપંચ, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

# ધારીના ખોડિયાર ડેમનો દરવાજો ખોલાતા લોકોને સતર્ક રહેવા સૂચના

**નદીના પટમાં અવર-જવર નહી કરવા તંત્રનો અનુરોધ**

અમરેલી,તા.૦૬

ધારી તાલુકાના ધારી ગામ પાસે શેત્રુંજી નદી પર આવેલા ખોડિયાર સિંચાઈ યોજનામાં પાણીની આવક થતાં તા.૦૫ના રોજ બપોરે ૩ વાગ્યે ડિઝાઈન સ્ટોરેજના પૂર્ણ સપાટી સુધી ભરાતા રૂલ લેવલ જાળવવા માટે ૦૧ દરવાજો ૦.૨૨૯ મીટર ખોલ્યો હતો.

આજે જળાશયમાં પાણીની આવકમાં વધુ વધારો થતાં દરવાજાનું ઓપનિંગ વધારી ૦૨ દરવાજા ૦.૨૨૯ મીટર કરવામાં આવ્યા છે, જેનો પ્રતિ સેકન્ડ પ્રવાહ ૧,૨૦૦ ક્યુસેક છે.

આથી, અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ધારી, આંબરડી, ભરડ, પાદરગઢ, બગસરા તાલુકાના હાલરીયા-હુલરીયા, અમરેલી તાલુકાના સરંભડા, નાના માંડવડા, મેડી, તરવડા, બાબાપુર, વાંકિયા, ગાવડકા, પીઠવાજાળ, લીલીયા તાલુકાના કણકોટ, આંબા, ક્રાંકચ, બવાડા, બવાડી, ઈંગોરાળા, શેઢાવદર, લોકા અને લોકી, સાવકુંડલા તાલુકાના બોરાળા, જૂના સાવર, ખાલપર, આંકોલડા, મેકડા, ફીફાદ, ઘોબા, પીપરડી, ભાવનગર જિલ્લાના ગારિયાધારના સરંભડા, ગુજરડા, રાણી ગામ, સાતપડા, ઠાંસા, લુવારા, તેમજ પાલીતાણા તાલુકાના ચોક, ડુંગરપુર, હાથસણી, જાળીયા (માનાજી), જીવાપુર અને રોહિશાળા તથા જેસર તાલુકાના રાણપરડા ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને નદીના પટ કે કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા અનુરોધ છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

# બળેલ પીપરીયા ગામેથી સગીરાને યુવક ભગાડી ગયો

બાબરા, તા.૦૬

બાબરા તાલુકાના બળેલ પીપરીયા ગામેથી એક સગીરાને યુવક લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. જેને લઈ સગીરાના પિતાએ અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, અજાણ્યો આરોપી તેમની સગીર વયની પુત્રીને કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી ભગાડી ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

Gyanvi Technologies Private Limited | MAKE IN INDIA | OREVA eBIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
भारत में निर्मित अपनी इलेक्ट्रिक सवारी, ओरेवा ई बाइक
SPECIAL OFFER
OREVA E- BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUCTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Appointment Now Mo.8160832025
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1299/- માં પ્રીમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/ મરણ અરજી નં.૨૯૨/૨૦૨૩

અરજદાર :- શ્રી ઢીસાબેન ડો/ઓ વશરામભાઈ કરશનભાઈ બારૈયા તે શંકરભાઈ સોલંકીના પત્ની

સરનામું :- મું. જાફરાબાદ તા. જાફરાબાદ, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફીસરશ્રી,જાફરાબાદ મું. જાફરાબાદ તા. જાફરાબાદ, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના **શ્રી ઢીસાબેન ડો/ઓ વશરામભાઈ કરશનભાઈ બારૈયા તે શંકરભાઈ સોલંકીના પત્ની** એ તેમના **પિતાશ્રી નામે સ્વ.શ્રી વશરામભાઈ કરશનભાઈ બારૈયા નું મરણ તા.૦૧/૦૬/૧૯૮૨** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી મહેન્દ્રભાઈ જી.નાગર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫ માહે.સપ્ટેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

સહી

સ્થળ :- જાફરાબાદ

કોર્ટનો સિક્કો

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ

તારીખ :- ૦૫/૦૯/૨૦૨૪

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં

નં. મરણ/ કેસ નં.૧૬/૨૦૨૪

પ્રતિઃ
શ્રી ચીમનભાઈ લાભશંકર ભટ ....અરજદાર
રે.ભગીરથ સોસાયટી, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો - ગીર સોમનાથ
વકીલશ્રી બી.ડી. ઉપાધ્યાય રહે. મુ. કોડીનાર તા. કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને ચીફ ઓફિસરશ્રી, તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ગામ/ વિસ્તારના રહીશ **શ્રી ચીમનભાઈ લાભશંકર ભટ ના માતૃશ્રી જસુમતીબેન લાભશંકર ભટ નું મરણ** તા.૧૮/૦૯/૨૦૦૯ ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને ૨૦૦૯ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૦૬/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

સહિ
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૭/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી વાલજીભાઈ પરશોતમભાઈ કાછડીયા, રે.ઠવી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ઠવી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પિતાશ્રી પરશોતમભાઈ જીવરાજભાઈ કાછડીયાનાઓનું મરણ તા.૧૮/૦૪/૧૯૮૮ ના રોજ મુ. ઠવી,તા.સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૬૯/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** રાદડીયા લાલજીભાઈ વાલજીભાઈ ઉર્ફે વાલાભાઈ, રે.મોટા જીંજુડા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તકમશ્રી મોટા જીંજુડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પિતા વાલાભાઈ ભગવાનભાઈ રાદડીયાનું મરણ તા. ૦૫/૦૮/૧૯૯૮ ના રોજ મુ. મોટા જીંજુડા, તા.સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

# બગસરાની ભૂગર્ભ ગટર જામ, લોકોની મુશ્કેલીમાં થયો વધારો

**પાલિકાનું જેટીંગ મશીન છેક માંડવી પાલિકામાં મોકલવામાં આવ્યું**

અમરેલી,તા.૦૬

બગસરા નગરપાલિકાનું એકમાત્ર જેટીંગ મશીન માંડવી ખાતે મોકલવામાં આવતા શહેરની ભૂગર્ભ ગટર જામ થઈ ગઈ હોવાથી લોકોની હાલાકીમાં વધારો થયો છે. જેથી તાત્કાલિક જેટીંગ મશીનથી ગટરની સફાઈ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. કચ્છના માંડવીમાં ભારે વરસાદને કારણે સમસ્યા સર્જાતા ચાર દિવસ પહેલા માંડવી ખાતે બગસરા નગરપાલિકાનું જેટીંગ મશીન કામદારો સાથે મોકલવામાં આવ્યું હતું જેથી શહેરની સફાઈ માટે જેટીંગ મશીન ઉપલબ્ધ નથી. હાલ વરસાદે વિરામ લીધો છે અને શહેરના છેવાડાના વિસ્તારોમાં ભૂગર્ભ ગટર જામ થઈ છે જેના કારણે ગંધાતા પાણી લોકોના ઘરમાં ઘૂસી રહ્યાં છે. આ બાબતે પાલિકા પ્રમુખે પ્રાદેશિક કમિશનરને પણ જેટીંગ મશીન બાબતે રજૂઆત કરી છે પરંતુ જેટીંગ મશીન કયારે પરત આવશે તે હજુ નક્કી નથી. જો શહેરની ગટર સાફ કરવામાં નહી આવે તો લોકોની હાલાકીમાં વધારો થશે. આ અંગે પ્રાદેશિક નિયામકે જણાવ્યું હતું કે, શહેરના પ્રશ્નનું તાત્કાલિક નિરાકરણ આવે તે માટે વહેલી તકે માંડવીથી જેટીંગ મશીન પરત આવે તેવા પ્રયાસો કરવામાં આવશે. હાલ તો જેટીંગ મશીનના અભાવે શહેરીજનો ગટરના ગંધાતા પાણીનો સામનો કરી રહ્યાં છે. જેથી તાત્કાલિક જેટીંગ મશીન મંગાવી ગટર સાફ કરવા શહેરીજનોએ માંગ કરી છે.

# શ્રીમતી એસ. એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી

અમરેલી, તા.૦૬



અમરેલીમાં ગજેરા કેમ્પસની વિવિધ સ્કૂલોમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર શાળાનું સંચાલન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિષય શિક્ષક, પ્રિન્સિપાલ બની અભ્યાસ અને સહ અભ્યાસિક કાર્ય કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પણ શિસ્ત સાથે આદર્શ વિદ્યાર્થી બની જ્ઞાન મેળવ્યું હતું. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને પોતાના જીવન દરમિયાન કોલેજ-યુનિવર્સિટીના વિદ્યાર્થી પ્રિય પ્રોફેસર કુલપતિ ઉપરાંત, ત્રણ વર્ષ રશિયામાં ભારતના રાજદૂત તરીકે, દસ વર્ષ ભારતના ઉપરાષ્ટ્રપતિ અને પાંચ વર્ષ ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ તરીકે, ચાર વર્ષ યુનેસ્કોની કારોબારી સમિતિના સભ્ય અને અધ્યક્ષ તરીકે મહત્વના હોદ્દા પર રહી અભુતપૂર્વ કામગીરી કરી હતી. વિશ્વના ૧૩ દેશોએ તેમને માનદ ડોક્ટરેટની પદવીથી નવાજયા હતા. આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્ટાફ અને વિદ્યાર્થીઓને શિક્ષક દિનના અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીની ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે શિક્ષક દિનની ઉજવણી

**શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા**

અમરેલી, તા. ૦૬





અમરેલીની ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સ શૈક્ષણિક સંસ્થા હેઠળ પ્રાથમિક વિભાગના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ દિવસ દેશના શિક્ષકો માટે આદર અને સન્માનનો દિવસ છે. આ અવસરે શાળાના બાળકો દ્વારા દિવસની શરૂઆત પ્રાર્થનાસભાથી શરુ કરવામાં આવી હતી. આ દિવસે સ્વયં વિદ્યાર્થીઓએ શિક્ષક બની શિક્ષક દિવસની ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરી હતી. દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ જાતે એક દિવસ શિક્ષક બનીને પોતાના અનુભવ અને પ્રતિભાવો રજૂ કર્યા હતા. શિક્ષક દિવસના કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય અને દરેક વિષય શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યુ હતું. કાર્યક્રમની સમાપન વિધિમાં શાળાના માર્ગદર્શક એચ.એલ. પટેલ અને સંસ્થાના સંવાહક મયુરભાઈ ગજેરાએ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓને સારી રીતે કાર્યક્રમ ઉજવવા બદલ આર્શીવચન પાઠવ્યા હતા. શિક્ષક દિવસના અંતે શ્રેષ્ઠ શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને પ્રથમ અને દ્વિતીય અને તૃતીય નંબર આપીને શાળાના સંચાલક દ્વારા ઉદ્‌બોધન કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા અને રાષ્ટ્રગીત ગાઈને શિક્ષક દિવસનું સમાપન કરવામાં આવ્યું હતું.

# અડતાળા ગામે વેવાઈએ રોકાવાની ના પાડતાં વેવાઈએ ગાળો આપી

**વેવાણે આંગળીએ બટકું ભર્યુ**

લાઠી, તા.૦૬

લાઠીના અડતાળા ગામે વેવાઈએ રોકાવાની ના પાડતાં વેવાઈએ ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ વેવાણે વેવાઈની આંગળીએ બટકું ભર્યુ હતું. બનાવ અંગે મહુવાના મોદા ગામે રહેતા ઉકાભાઈ ગોવિંદભાઈ કુંભાણી (ઉ.વ.૬૦)એ લાઠીના અડતાળા ગામે રહેતા વેવાઈ અશોકભાઈ પોપટભાઈ કથીરિયા તથા વેવાણ રમીલાબેન અશોકભાઈ કથીરિયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદો તેમના વેવાઈના ઘરે ગયા હતા. જે બાદ તેમણે અમારે ઘરે જવું છે તેમ કહેતા આરોપીએ આજે અહીંયા રોકાઈ જાવ તેમ કહેતા તેમણે ના પાડી હતી. જેથી આરોપીએ તેમને ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. જ્યારે વેવાણે સાહેદને આંગળીએ ભટકું ભર્યુ હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ.ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટા ગ્રામ પંચાયતની કચેરીમાં સફાઈ માટે રૂા. ૪ લાખનો ચેક અર્પણ

**૧૦ પાસ સાંસદે ૧૦ વર્ષ જુનો પ્રશ્ન ૧૦ દિવસમાં હલ કર્યો**

અમરેલી,તા.૦૬



લીલીયા મોટાની ગ્રામ પંચાયત કચેરીમાં સફાઈ મેન્ટેનન્સની રકમ છેલ્લા ૧૦ વર્ષથી આવેલ ન હોય ત્યારે સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા દસ દિવસમાં મેન્ટેનન્સના રૂ.૪ લાખનો ચેક લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરાને જિલ્લા પંચાયત કચેરી ખાતે બોલાવી અને ચેક આપવામાં આવેલ હતો. આ તકે લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, તાલુકા પંચાયતના પ્રમુખ ગીતાબેન નાકરાણી, જિલ્લા પંચાયત સદસ્યા રમીલાબેન ધોરાજીયા, વિપુલભાઈ દુધાતનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કમીગઢ ગામે યુવતીનો જાહેરમાં બજાર વચ્ચે હાથ પકડી છેડતી કરી

**યુવતી, માતા-પિતાને ગામમાં બદનામ કરવાની ધમકી પણ આપી**

અમરેલી, તા.૦૬

અમરેલી તાલુકાના કમીગઢ ગામે રહેતી એક યુવતીનો જાહેરમાં બજાર વચ્ચે હાથ પકડી, બળજબરીપૂર્વક વાત કરવા યુવકે દબાણ કર્યુ હતું. ઉપરાંત જો વાત નહીં કરે તો હું તને તથા તારા માતા-પિતાને ગામમાં બદનામ કરીશ તેમ કહી ડરાવી ધમકાવી હતી. બનાવ અંગે યુવતીની માતાએ દિપક ગોવિંદભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી અવાર-નવાર તેમની દીકરીનો પીછો કરતો હતો. તેમની દીકરીની મરજી ન હોવા છતાં જાહેરમાં બજાર વચ્ચે હાથ પકડી, બળજબરીપૂર્વક વાત કરવા દબાણ કરતો હતો. ઉપરાંત જો વાત નહીં કરે તો હું તને અને તારા માતા-પિતાને ગામમાં બદનામ કરીશ તેમ કહી ડરાવી ધમકાવી હતી.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં દારૂના નશામાં યુવકે મહિલાને છરી મારી

અમરેલી, તા.૦૬

અમરેલી શહેરમાં એક યુવકે દારૂ પીને મહિલાને તમારા છોકરાઓ મારા છોકરા સાથે કેમ ઝઘડે છે કહી ગાળો આપી હતી. તેમજ નેફામાં રહેલી છરી મારીને લોહી કાઢી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે વિમળાબેન વનરાજ ખાવડીયા (ઉ.વ.૩૬)એ રાયધન ઉર્ફે રાજુ ગોરધનભાઈ ખાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે આરોપી દારૂ પી' ને તેમના ઘરે આવ્યો અને તમારા છોકરાઓ મારા છોકરા સાથે કેમ ઝઘડે છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો દેવા લાગ્યો હતો. તેમજ નેફામાં રહેલી છરી કાઢીને તેમને ડાબા પગના સાથળના ભાગમાં ઈજા કરી લોહી કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ચોથ
તા. ૦૭-૦૯-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૦૨, સૂર્યાસ્ત-૦૬:૩૫, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૯-૨૦૨૪ શનિવાર

મેષ: આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. લાંબા સમય પછી જૂના પરિચિતો સાથે મુલાકાત થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું.

મિથુન: તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો.

કર્ક: આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેથી તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે.

સિંહ: આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો.

તુલા: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારૂં જોડાણ થશે, લેખકો અને કલાને લગતા નામાંકિતોને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે.

વૃશ્ચિક: આ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે.

ધન: કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે.

મકર: આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો.

કુંભ: આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

મીન: આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફાની તક નીકળી શકે છે.

# રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકી દ્વારા ગણપતિની ૬૫ મૂર્તિઓનું વિતરણ કરાયું

**રાજુલામાં માર્કેટિંગ યાર્ડના પટાંગણમાં ગણપતિદાદાની ૬૫ મૂર્તિઓનું વિતરણ કરાયું**

રાજુલા,તા.૦૬



ગણેશોત્સવ શરૂ થઈ રહ્યો હોય ત્યારે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા શહેરી અને ગ્રામ્ય વિસ્તારના સ્થાનિકોને ગણપતિબાપાની મૂર્તિનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમણે ૨૦૧૬થી ગણપતિબાપાની મૂર્તિઓનું વિતરણ કરવાનું શરૂ કર્યું છે. આજે રાજુલા શહેરમાં માર્કેટિંગ યાર્ડના પટાંગણમાં ગણપતિદાદાની ૬૫ મૂર્તિઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે રાજુલા શહેરના વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ ભાજપ પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. અમરેલી જિલ્લામાં રાજુલા, જાફરાબાદ વિસ્તારમાં ગણેશ મહોત્સવની શહેરી અને દરિયા કાંઠાના ગ્રામ્ય વિસ્તાર સુધી ઠેર ઠેર ઉજવણી કરવામાં આવે છે.

# અમરેલીમાં ડેલી ટપી મકાનમાં ઘૂસેલો ચોર રૂ. ૬૩,૦૦૦ની મત્તા ઉઠાવી ફરાર થઈ ગયો

અમરેલી, તા.૦૬

અમરેલી શહેરમાં પોલીસમાં ચુસ્ત પેટ્રોલિંગના દાવા વચ્ચે ચોરીની ઘટનાઓ બને છે. શહેરના ગજેરાપરામાં પટેલ વાડી પાસે રહેતા વિનુભાઈ ડાયાભાઈ ગોહીલ (ઉ.વ.૬૪) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મકાનની ડેલી ટપી અંદર પ્રવેશેલો શખ્સ ઘરના તાળા તોડી કબાટમાંથી રોકડા ૫૯,૦૦૦ તથા સોનાની વીંટી નંગ ૧ મળી કુલ ૬૩,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી.ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંડલીયાળા ગામે પરિણીતાને ઝાપટ મારીને જાનથી મારવાની ધમકી આપી

**ફરિયાદીના પતિ, સસરા સાથે આરોપીને બોલાચાલી થઈ હતી**

અમરેલી, તા.૦૬

રાજુલાના કુંડલીયાળા ગામે રહેતી એક મહિલાના પતિ તથા સસરાને શેઢા પાડોશી સાથે માથાકૂટ થઈ હતી. જેનું મનદુઃખ રાખી મહિલાને ગાળો આપી, ઝાપટ મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે હર્ષાબેન પ્રફુલભાઈ બારૈયા (ઉ.વ.૨૭) એ ડાયાભાઈ માધાભાઈ હડીયા તથા રમેશભાઈ માધાભાઈ હડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિ તથા સસરા તેમની વાડીએ રાત વાહુ ગયા હતા. ત્યાં તેમના શેઢા પાડોશી/આરોપીએ તેના પતિ તથા સસરા સાથે વાડીના રસ્તા બાબતે બોલાચાલી કરી હતી. બીજા દિવસે સવારે તેઓ તથા તેના પતિ વાડીએ ઘાસ કાપવા ગયા હતા તે વખતે બન્ને આરોપીઓ આવ્યા હતા અને જેમ ફાવે તેમ ગાળો આપી તેમને બે ઝાપટ મારી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.


**અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.**
**સહકાર ભવન, સ્ટેશન રોડ, અમરેલી**
**વાર્ષિક સાધારણ સભાની સુચના**

અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.-અમરેલીના સર્વે સભ્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, આ સંસ્થાની સને ૨૦૨૩-૨૪ ના વર્ષની ૬૨મી વાર્ષિક સાધારણ સભા તારીખ:- ૨૨/૦૯/૨૦૨૪ ને રવિવાર ના રોજ સવારે ૧૦-૪૫ કલાકે રોજ સ્થળ:- અમર દાન ફેકટરીની સામે, CENTRE OF EXCELLENCE (ET/IVF)લેબ, ધારી રોડ, અમરેલી મુકામે નીચે દર્શાવેલ કામો માટે મળશે. તો દરેક સભ્યશ્રીઓએ હાજર રહેવા વિનંતી છે.

**કાર્યસુચિ**

(૧) તા. ૨૪-૦૯-૨૦૨૩ ના રોજ ભરાયેલ વાર્ષિક સાધારણ સભાની શુધ્ધનોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત....
(૨) તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ પુરા થતા સને ૨૦૨૩-૨૪ના વર્ષના વ્ય.કમિટિએ તૈયાર કરેલા અહેવાલ, વ્યાપારી પત્રક, નફા તોટાનુ પત્રક, પાકુ સરવૈયુ, તથા સને ૨૦૨૪-૨૫નું અંદાજીત બજેટ તપાસી મંજુર કરવા બાબત.
(૩) સંઘની હિસાબ તપાસણી અને ઓડીટ બાબત.
(૪) પેટા નિયમો પ્રમાણે આવતા વર્ષમાં વધારેમાં વધારે જે હદ સુધી વ્ય. કમિટિ ભંડોળ ઉભુ કરી શકે તે હદ મુકરર કરવા બાબત...
(૫) વર્ષ દરમ્યાન થયેલ કામકાજનો અહેવાલ ધ્યાનમાં લઈ આવતા વર્ષ માટે કરવાના કામોની વિચારણા કરવા બાબત.
(૬) વ્યવસ્થાપક કમિટિ અને બીજી કમિટિઓની સભામાં હાજરી આપવા બદલ વ્ય.કમિટિના સભ્યોને આપવાની બેઠક ''ફી'' તથા ભાડા-ભથ્થાના દર નકકી કરવા બાબત.
(૭) વર્ષ દરમ્યાન હિસાબોનુ આંતરીક અન્વેષણ કરવા આંતરીક અન્વેષકની તથા ઈન્કમટેક્ષ એકટ અન્વયે ટેક્ષ ઓડીટ માટે ટેક્ષ ઓડીટરશ્રીની નિમણુંક કરવા અને તેનુ મહેનતાણુ નકકી કરવા વ્ય.કમિટિને અધિકાર આપવા બાબત.
(૮) સંસ્થાની જગ્યા, તેના ગોડાઉનો, મશીનરી, અને એવો બીજો માલ-સામાન, ડેડ સ્ટોક, વિગેરે સંતોષ કારક સ્થિતીમાં છે કે, નહી? તેની અને બીજા જરૂરી જણાતા ફેરફાર સબંધી વિચારણા કરવા બાબત.
(૯) સભાના અધ્યક્ષશ્રીની મંજુરીથી બીજા જે કામો રજુ થાય તે.....

વ્યવસ્થાપક કમિટિના હુકમથી
(સુરેશભાઈ આર. સંઘાણી)
મેનેજર
અ.જી.સ.ખ.વે.સંઘ લી.

નોંધ:- (૧) દરેક સભ્ય સહકારી સંસ્થાએ પોતાના પ્રતિનિધિની નિયુકિત કરતા ઠરાવની નકલ મંડળીના સહી-સીકકા સાથે પાંચ દિવસ અગાઉ મોકલી આપવાની રહેશે. (નમુનો સામેલ છે.) (૨) જો કવોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો તેજ દિવસે તેજ સ્થળે એક કલાક પછી હાજર રહેલા સભ્યો નોટીસમાં જણાવેલ તમામ કામકાજ હાથ ઉપર ધરશે

બપારે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

**તંત્રી લેખ**

# જમ્મુ-કાશ્મીરના કુરુક્ષેત્રમાં ચૂંટણીનો જંગ

જમ્મુ કાશ્મીરની ચૂંટણીમાં રાષ્ટ્રવાદી અને ભાગલાવાદી પરિબળો સામ સામે આવી ચૂક્યા છે. સત્ય અને અસત્ય વચ્ચે જંગ છે. રશિયન કવિ યુજિન એલેક્ઝાંડ્રોવિચ યેવતશેંકો ક્રાંતિકારી કવિ છે. ૧૯૬૧માં તેમણે સ્ટાલિનના વારસદારો નામનું પુસ્તક હિંમતપૂર્વક લખ્યું હતું. તમે ધન માટે કે સત્તા માટે લાલસા રાખીને ધન મેળવો અને પછી ગમે તેટલાં ગણતરીવાળાં પગલાં લો, પણ ઈશ્વર તમારાં ખોટા કર્મો માટે તમને સજા કરશે. તેના હાથ બહુ લાંબા છે. તમે સફળતાની સીડીની ટોચે હો તો ત્યાંથી પણ ઈશ્વર તમને પછાડશે. ખોટું કરનારને ઈશ્વર કદી છોડતો નથી. આઝાદી મળી ત્યારથી માંડી અત્યાર સુધીમાં કાશ્મીરમાં અરાજકતા હતી. કાશ્મીરી પંડિતોની સાથે કરવામાં આવતા અત્યાચારોનો કાળો ઈતિહાસ હવે ભૂતકાળ બની ચૂક્યો છે.

જમ્મુ: જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ભારતીય જનતા પાર્ટી એલર્ટ મોડમાં આવી ગઈ છે. પાર્ટીના ઉમેદવારોની યાદી જાહેર કરી દેવામાં આવી છે. આ સાથે જ પાર્ટીના નેતાઓએ પણ પ્રચાર શરૂ કરી દીધો છે. આ સંદર્ભમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ જમ્મુ-કાશ્મીરના પ્રવાસે છે. વિસ્તારમાં સર્વેલન્સ પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને હોબાળો ચાલી રહ્યો છે. સોમવારે ભારતીય જનતા પાર્ટીએ પ્રથમ ૪૪ ઉમેદવારોની યાદી જાહેર કરી. થોડા સમય પછી, તે પાછી ખેંચી લેવામાં આવી હતી અને ફરીથી ૧૫ ઉમેદવારોની યાદી બહાર પાડવામાં આવી હતી.

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ની જાહેરાત થતાં જ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. તમને જણાવી દઈએ કે, ચૂંટણી પંચે ૧૮મી, ૨૫મી સપ્ટેમ્બર અને ૧લી ઓક્ટોબરે ત્રણ તબક્કામાં ચૂંટણી કરાવવાનો નિર્ણય કર્યો છે. ૪ ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે. કોંગ્રેસ અને NCનું બેઠકોનું ગઠબંધન: કોંગ્રેસે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી. તમને જણાવી દઈએ કે, આ વખતે વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ વચ્ચે સીટોનું ગઠબંધન છે. મળતી માહિતી મુજબ કોંગ્રેસની પ્રથમ યાદીમાં દુરુથી ગુલામ અહેમદ મીર અને બનિહાલથી વિકાર રસૂલ વાનીને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે પીરઝાદા મોહમ્મદ સૈયદ અનંતનાગથી જ્યારે શેખ રિયાઝ ડોડા બેઠક પરથી ચૂંટણી લડશે. સુરિન્દર સિંહ ચન્નીને ત્રાલ બેઠક પરથી, અમાનુલ્લાહ મન્ટુને દેવસરથી, શેખ જફરુલ્લાને ઈન્દરવાલથી, નદીમ શરીફને ભદરવાહથી અને પ્રદીપ કુમાર ભગતને ડોડા પશ્ચિમથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ પહેલા સોમવારે નેશનલ કોન્ફરન્સે ૧૮ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. કોંગ્રેસ પાર્ટીએ સોશિયલ મીડિયા પર જાણકારી આપી કે નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ આ યાદીને પોતાની સંમતિ આપી દીધી છે. આમ જમ્મુ કાશ્મીરની ચૂંટણી તમામ રાજકીય પક્ષો માટે અત્યંત મહત્વની બની ગઈ છે. પોઝિટિવ વિચારસરણી ધરાવતા રાજકીય પક્ષોને વિકાસમાં રસ છે જ્યારે ભાગલાવાદી પરિબળોને જનતા જાકારો આપશે તે ચોક્કસ છે.

# ચેટ જીટીપીનાં આગમન સાથે શિક્ષણ જગતનાં આયામો બદલાયા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**




માત્ર માહિતી એટલે કે ડેટા સુખી જીવન જીવવા માટે અત્યંત જરૂરી નથી. આ માટે જરૂરી છે શિસ્ત, સમય પાલન અને સાચી સમજ. સહજ ભાવે જીવવાથી સુખી થવાય તેવા સંસ્કાર આપવામાં આવે તો તેને ઈફેક્ટિવ પેરેન્ટિંગ કહી શકાય. આજના આધુનિક યુગમાં ઈફેક્ટિવ પેરેન્ટિંગ ખાસ જરૂરી છે. આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં બાળકો ઝડપથી સ્માર્ટ બનતા જાય છે તેનું કારણ એટલું જ કે તેની મુઠ્ઠીમાં દુનિયા આખી આપી દીધી છે. મતલબ કે જ્યારથી સ્માર્ટ ફોન આપી દીધો છે ત્યારથી બાળકો એટલા સ્માર્ટ બની ગયા છે કે હવે એના પછીના યુગમાં બાળકો શિક્ષકો કરતાં પણ વધુ જાણતા હશે કારણ કે હવે ચેટ જીટીપીનો જમાનો છે. જ્યારે આપણી એજ્યુકેશન સિસ્ટમ સ્વાધ્યાયપોથીમાંથી ઉંચી આવતી નથી. આ વસ્તુ સૌ કોઈ જાણે છે કે જે જીટીપી અને google જેમીનના યુગમાં બાળકો પાસે સ્વાધ્યાયપોથીઓના ભારને બાળકોના દફતરમાં ભરવાની જરાય જરૂર નથી. પરંતુ એજ્યુકેશન સિસ્ટમ આજે બિઝનેસ હોવાથી આ બિઝનેસ ચાલતો રહે, વિસ્તરતો રહે તે માટે આખી સિસ્ટમ આજે કામ કરે છે. એન્જિનિયરિંગમાં ભણો તો એક વિદ્યાર્થી મશીન ડ્રોઈંગના મોંઘાડાટ ચોપડા ખરીદવામાં માનતો નથી કારણ કે તેના iphone માં ચેટ જીટીપી છે તે માત્ર ગણતરીની મિનિટમાં આ બધી માહિતી અને જ્ઞાન મેળવી શકે તેમ છે.

આ બધું તેની આંગળીને ટેરવે છે. જો આજે યુગ આટલો આગળ વધ્યો હોય તો એજ્યુકેશન સિસ્ટમ બાળકો ઉપર અને વાલીઓ ઉપર અસહ્ય બોજો શા માટે નાખે છે.

એવો પ્રશ્નો હવે પછી આજના મોડર્ન વર્લ્ડની અંદર સૌ કોઈ પૂછવાના છે. સાવ નાના બાળકો પણ મોબાઈલ ફોનની અંદર મોટા જે નથી કરી શકતા તે કરી શકે છે. આથી ઈફેક્ટિવ પેરેન્ટિંગ ઈન મોર્ડન વર્લ્ડમાં એક મોટી સમસ્યા બનશે તેનું કારણ એ કે હવે પછીના બાળકો તેના શિક્ષકો અને મા બાપ કરતા વધુ માહિતી ધરાવતા હશે. ટેકનોલોજીનાં સર્વોચ્ચ પદ પર બિરાજતા ઈન્ફોસિસના નારાયણ મૂર્તિએ શિક્ષક દિન નિમિત્તે બાળકોને સંબોધતા જણાવ્યું હતું કે, જીવનમાં માત્ર માહિતી એટલે કે ડેટા સહેલાઈથી મળે છે. પરંતુ સાચી

**વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં બાળકો પણ મોટા કરતાં પણ વધુ સ્માર્ટ બનતા જાય છે. ત્યારે શિક્ષણ જગતના આયામો બદલાઈ રહ્યા છે ત્યારે બાળ ઉછેરની વ્યાખ્યા પણ પરિવર્તન પામી છે. ઇફેક્ટિવ પેરેન્ટિંગ કોને કહી શકાય તેનો હવે નવેસરથી વિચાર કરવાની જરૂર છે.**

સમજ મેળવવી એટલી જ જરૂરી છે. ટેકનોલોજી માહિતી આપશે પરંતુ સાચી સમજ નહીં આપી શકે. નારાયણ મૂર્તિ બાળકોને કહે છે: હું નથી ઈચ્છતો કે તમે મારા જેવા બનો. જ્યારે ૧૨ વર્ષની એક વિદ્યાર્થિનીએ ટેક્નોલોજીના શહેનશાહ ગણાતા એનઆર નારાયણ મૂર્તિને પૂછ્યું, "તમારા જેવા બનવા માટે અમારે શું કરવું જોઈએ?" પ્રતિભાવ બંને અનપેક્ષિત અને ઊંડો પ્રેરણાદાયક હતો. ઈન્ફોસિસના સ્થાપક મૂર્તિએ જવાબ આપ્યો: "હું નથી ઈચ્છતો કે તમે મારા જેવા બનો... હું ઈચ્છું છું કે તમે રાષ્ટ્રોના સારા માટે મારા કરતા વધુ સારા બનો." તેમણે તેમના અંગત અનુભવોમાંથી લીધેલા પાંચ અમૂલ્ય પાઠો શેર કર્યા. આમાં તેણે પ્રથમ પાઠ નમ્રતાનો ભણાવ્યો હતો નમ્રતા જીવનમાં જરૂરી હતી તે એને વિસ્તારથી સમજાવ્યું હતું. "હું તમારી જેમ જ સરકારી શાળામાં ગયો હતો, જે તમારા જેવા શિક્ષકો દ્વારા શીખવવામાં આવે છે," તેણે કહ્યું. શાળામાં, મૂર્તિ વિજ્ઞાન અને ગણિતમાં ઉત્કૃષ્ટ હતા, પરંતુ ઈતિહાસ, નાગરિકશાસ્ત્ર અને ભૂગોળ સાથે સંઘર્ષ કર્યો. તેમના પિતાએ તેમને સમયપત્રક દ્વારા સમયનું સંચાલન કરવાનું મહત્વ શીખવ્યું. શિસ્તનો આ પાઠ ત્યારે મળ્યો જ્યારે તેણે તેની SSLC પરીક્ષામાં રાજ્યમાં ચોથો ક્રમ મેળવ્યો. સતત સુધારણા માટે તેમના પિતાના આગ્રહે તેમને શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ બનવા માટે પ્રેરિત કર્યા, એક આદત જેણે તેમના જીવનને આકાર આપ્યો. મૂર્તિએ કહ્યું, "જીવનનો બીજો મહત્વનો પાઠ હું મારી માતા પાસેથી શીખ્યો - તે આપવાનો આનંદ છે." ૧૯૬૧માં, SSLC પરીક્ષામાં ચોથો ક્રમ પ્રાપ્ત કર્યા પછી, તેમને રૂ.૯૦૦ની રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ મળી, જે તે સમયે નોંધપાત્ર રકમ હતી. તેમના પરિવારમાં રિવાજ મુજબ, મૂર્તિએ ટ્રેન્ડી ટેરીલીન શર્ટ અને પેન્ટ ખરીદવા માટે રૂ.૫૦ની વિનંતી કરીને આખી રકમ તેમની માતાને આપી. તેણી સંમત થઈ, અને મૂર્તિએ ગર્વથી નવા કપડાં ખરીદ્યા. બીજા દિવસે સવારે, જોકે, તેની માતાએ તેને તેના મોટા ભાઈને આપવા કહ્યું, જેમને તેમની વધુ જરૂર હતી. શરૂઆતમાં નારાજ, મૂર્તિએ પ્રતિકાર કર્યો. પરંતુ તે રાત્રે, કર્ણ, એક પૌરાણિક પાત્ર, જે તેના પરિવાર માટે બલિદાન આપે છે તેના વિશે નાટક જોયા પછી, તે મૂંઝાઈ ગયો. બીજા દિવસે, મૂર્તિએ તેમના ભાઈને કપડાં સોંપ્યા, જેમણે પાછળથી તેમની કારકિર્દીમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો અને આજ સુધી આ દયાળુ કૃત્યને પ્રેમથી યાદ કરે છે. આ અનુભવે મૂર્તિને શીખવ્યું કે સાચો આનંદ બીજાઓને વહેંચવામાં અને તેમની સંભાળ રાખવામાં છે.

નાગરિકતાનો પાઠ: "૧૯૬૧ માં, મારા SSLC વર્ગ દરમિયાન, અમારા મુખ્ય શિક્ષક, એક કડક શિસ્તબદ્ધ અને આદરણીય વ્યક્તિએ અમને નાગરિકતા વિશે એક અવિસ્મરણીય પાઠ શીખવ્યો," જવાબદારી અને સાંપ્રદાયિક સંસાધનોના આદરના આ પાઠે ઈન્ફોસિસની સ્થાપના અને સંચાલન માટે મૂર્તિના અભિગમને આકાર આપ્યો.

ટીમ વર્કનો પાઠ: IIM-અમદાવાદમાં ચીફ સિસ્ટમ પ્રોગ્રામ ઓફિસર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, જ્યારે એક સાથીદારે અયોગ્ય ભાષાનો ઉપયોગ કર્યો ત્યારે તકનીકી મુદ્દા પર ચર્ચાનો ભાગ હતો. "મને આ ઘટનાથી શરમ અને દુ:ખ થયું. તે સાંજે, અમારા પ્રોફેસરે અમને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું અને અમારી સાથે ઉષ્માભર્યું વર્તન કર્યું." ટીમ વર્કમાં સૌની સાથે પ્રેમ અને નમ્રતાથી વર્તન કરવું જરૂરી છે.

નેતૃત્વ અને જવાબદારીનો પાઠ: તેમના પેરિસના દિવસોનું વર્ણન કરતા, જ્યારે તેમની ટીમ એક અદ્યતન ઓપરેટિંગ સિસ્ટમ વિકસાવી રહી હતી, મૂર્તિએ કહ્યું: "એક શુક્રવારની સાંજે, એક પ્રોગ્રામનું પરીક્ષણ કરતી વખતે, મેં એક ગંભીર ભૂલ કરી, જેણે કમ્પ્યુટરમાંથી આખી મેમરી ભૂંસી નાખી. મારી પાસે બધું ઠીક કરવા માટે ૨૪ કલાક હતા. અથવા પ્રોજેક્ટ ગંભીર વિલંબનો સામનો કરશે." તેણે તેના બોસ કોલિનને ફોન કર્યો, જે તરત જ મદદ કરવા આવ્યા. ૨૨ કલાક પછી, મૂર્તિએ સિસ્ટમ પુન:સ્થાપિત કરી. "કોલિને મારા સમર્પણની પ્રશંસા કરી, પરંતુ પોતાના બલિદાનનો ઉલ્લેખ કર્યો ન હતો. તેણે મને એક નિર્ણાયક નેતૃત્વ પાઠ શીખવ્યો: નિષ્ફળતાઓની સંપૂર્ણ જવાબદારી લો અને તમારી ટીમ સાથે ગૌરવ શેર કરો. આ પાઠ આજે પણ અમૂલ્ય છે," મૂર્તિએ સમાપન કર્યું.

સત્રના અંતે, એક વિદ્યાર્થીએ મૂર્તિને પૂછ્યું કે તે સફળતાની વ્યાખ્યા કેવી રીતે કરે છે. પ્રશ્ન પર હસતાં, તેમણે ઉષ્માપૂર્ણ જવાબ આપ્યો, "સફળતા એ છે જ્યારે તમે અન્ય લોકોના ચહેરા પર સ્મિત લાવો."

આમ કરવામાં નહીં આવે તો બાળકો ટેકનોલોજીમાં નંબર વન હશે, બિઝનેસમાં નંબર વન હશે, ધન સંપત્તિ પ્રાપ્ત કરવામાં પણ નંબર વન હશે પરંતુ તે પોતે સુખી જીવન જીવી શકશે કે કેમ તે એક પ્રશ્ન બનશે. માત્ર ધનના ઢગલા કરીને અમીર બનવું એ સફળતા નથી સફળતા સાચી સમજમાં સમાયેલી છે, સંસ્કારમાં સમાયેલી છે. આજના વિદ્યાર્થી પાસે જ્ઞાન હશે ડિગ્રી હશે. તેની પાસે માત્ર ડેટા હશે પરંતુ ડાહપણ નહીં હોય કોઠાસૂઝ નહીં હોય આ કોઠાસૂઝનો ઉપયોગ આ સંસ્થાના સ્થાપક માનભાઈ આજથી ૬૦ વર્ષ પહેલા કરતા હતા. આ કોઠાસૂઝ લાવવી એ અત્યંત કપરું કામ છે. કારણકે કોઠાસૂઝ google સર્ચ કે ચેટ જીટીપી આપી શકે નહીં તે તો માત્ર ને માત્ર માતા જ આપી શકે. માતા બાળકને વાત્સલ્ય આપે, સાચી સમજ આપે અને અને નાનપણથી જેવા સંસ્કાર આપે તો વર્તમાન સમસ્યાઓનો અંત આવે. ઈફેક્ટિવ પેરેન્ટિંગનો અર્થ એટલો જ થાય છે કે બાળકોને સંપત્તિ નહીં પણ સંસ્કાર આપો તેમ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી અવારનવાર કહેતા હતા આ ગોલ્ડન ચાવી છે. ઈફેક્ટિવ પેરેન્ટિંગની પૂરક માહિતી-જેજે પટેલ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૮૦ | ૧૬૮૬ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૭૨૫ | ૮૨૨ |
| જુવાર પીળી | ૪૧૧ | ૫૦૧ |
| બાજરી | ૪૦૦ | ૪૭૦ |
| તુવેર | ૧૬૦૦ | ૨૨૫૧ |
| ચણા પીળા | ૧૩૪૫ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૯૨૫ |
| અડદ | ૧૫૯૬ | ૧૮૫૬ |
| મગ | ૧૨૦૦ | ૧૬૬૮ |
| ચોળી | ૧૯૧૫ | ૨૩૦૫ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૬૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૧૦૪૦ | ૧૨૪૮ |
| મગફળીજીણી | ૧૦૭૪ | ૧૧૯૭ |
| અળશી | ૧૨૫૫ | ૧૨૫૫ |
| તલી | ૨૦૦૦ | ૨૫૮૦ |
| સુરજમુખી | ૫૮૦ | ૫૮૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૧૩ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૫૦૦ |
| લસણ | ૩૪૫૦ | ૫૫૮૧ |
| ધાણા | ૧૧૯૦ | ૧૪૧૫ |
| ધાણી | ૧૨૧૦ | ૧૬૮૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૫૧ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૮૦ |
| રાય | ૧૦૪૦ | ૧૩૪૫ |
| મેથી | ૯૫૦ | ૧૨૪૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૫ |
| રજકાનું બી | ૪૪૦૦ | ૪૮૫૦ |
| ગુવારનું બી | ૯૯૦ | ૧૦૨૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૪૦૦ | ૨૩૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૫૧ |
| ડુંગળી સુકી | ૨૯૦ | ૮૭૦ |
| ટમેટા | ૨૫૦ | ૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૨૦૦ | ૩૦૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૫૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૮૫૦ |
| વાલોળ | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૫૦ | ૫૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૬૦ |
| સરગવો | ૬૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| કંટોળા | ૬૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૩૦૦૦ | ૩૫૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૬૬ | ૧૬૭૨ |
| શિંગ મઠડી | ૧૦૪૨ | ૧૧૬૩ |
| શિંગ મોટી | ૧૦૫૧ | ૧૨૪૬ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૫૫૫ |
| તલ સફેદ | ૧૮૭૦ | ૨૭૯૫ |
| તલ કાળા | ૨૬૫૦ | ૩૪૧૫ |
| બાજરો | ૪૧૫ | ૫૧૫ |
| જુવાર | ૬૧૫ | ૮૨૬ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૬૩૫ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૯૧ |
| મગ | ૧૩૩૫ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૮૨ |
| એરંડા | ૯૯૦ | ૧૧૫૬ |
| જીરું | ૪૦૯૦ | ૪૭૦૦ |
| ધાણા | ૭૬૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૯૬૪ |
| રજકાના બી | ૩૭૨૫ | ૫૨૩૦ |
| વરીયાણી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૫૦ |
| રીંગણાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૫૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૫૦ |
| સુરણ | ૧૫૫૦ | ૧૬૭૦ |
| ગાજર | ૪૦૦ | ૫૨૦ |
| દૂધી | ૬૦૦ | ૭૦૦ |
| કરેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| ચોળાલીલા | ૮૦૦ | ૯૫૦ |
| તુરીયા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૯૫૦ | ૧૦૨૦ |
| કોથમીર | ૩૦૦૦ | ૩૫૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૯૫૦ |
| બીટ | ૪૫૦ | ૫૦૦ |
| શીંગ ઓળા | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૮૦૦ |
| લસણ સૂકું | ૩૦૦૦ | ૪૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૨૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૩૫ | ૧૬૭૫ |
| મગ | ૧૪૫૫ | ૧૫૧૫ |
| જીરૂ | ૪૦૬૫ | ૪૬૨૫ |
| તલ કાળા | ૨૭૧૦ | ૩૪૫૦ |
| ઘઉં | ૪૭૦ | ૬૦૦ |
| ચણા | ૧૩૬૦ | ૧૪૭૦ |
| બાજરો | ૪૦૯ | ૪૯૧ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૧૪૫ | ૧૬૫૧ |
| મગફળી મોટી | ૧૧૦૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૨૫૦૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૯ |
| બાજરો | ૩૬૦ | ૪૮૫ |
| જુવાર | ૫૦૭ | ૬૦૮ |
| મકાઈ | ૫૦૦ | - |
| ચણા | ૧૩૦૦ | ૧૪૫૩ |
| મેથી | ૯૪૦ | - |
| સોયાબીન | ૮૧૧ | - |
| **કોડીનાર** | | |
| મગફળીજી-૨૦ | ૮૦૦ | ૧૨૧૪ |
| બાજરી | ૪૫૦ | ૫૧૬ |
| ઘઉં | ૪૫૦ | ૬૪૫ |
| એરંડા | ૧૦૮૦ | ૧૧૬૨ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૫૫૧ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૪૯૧ |
| સોયાબીન | ૮૨૫ | ૮૯૮ |
| જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૧૮ |
| મગ | ૧૨૫૦ | ૧૪૨૨ |
| ચણા | ૧૨૫૦ | ૧૪૨૨ |
| રજકા | ૩૮૦૦ | ૪૯૨૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૦૯૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૧ |
| બાજરો | ૪૯૦ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૬ |
| જુવાર | ૪૦૦ | ૮૬૧ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| તુવેર | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૯૦ |
| જીરૂ | ૪૭૦૦ | ૪૭૦૦ |
| એરંડી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૭૯૦ | ૮૪૫ |
| અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૫ |
| બાજરો | ૩૦૦ | ૪૨૦ |
| જુવાર | ૪૦૦ | ૮૫૦ |
| ધાણા | ૯૨૦ | ૧૪૫૦ |
| મગફળી | ૭૦૦ | ૯૮૫ |
| શિંગફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૬૭ | ૫૬૫ |
| ચણા | ૧૨૨૫ | ૧૪૫૧ |
| તલ | ૨૨૪૦ | ૨૨૪૦ |
| એરંડા | ૯૯૦ | ૧૧૭૦ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૧૫૦ |
| સોયાબીન | ૮૬૨ | ૮૬૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૧૦ | ૮૬૭ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૬૦ |
| ઘઉં ટૂકડા | ૪૩૫ | ૫૬૯ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| તલ સફેદ | ૨૧૬૦ | ૨૪૨૫ |
| ચણા | ૧૨૫૦ | ૧૪૬૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસબી.ટી. | ૧૦૫૧ | ૧૬૬૬ |
| ઘઉં લોકવન | ૫૪૪ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૭૦ |
| મગફળીજીણી | ૮૫૦ | ૧૧૫૬ |
| સિંગદાણાજાડા | ૧૧૦૦ | ૧૫૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૩૩૧ |
| એરંડા/એરંડી | ૧૦૨૧ | ૧૧૭૧ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૮૮૧ |
| ક્લંજી | ૩૦૦ | ૩૦૨૧ |
| વરીયાળી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૭૧ |
| લસણ સુકું | ૨૪૧૧ | ૫૭૭૧ |
| ડુંગળી લાલ | ૨૫૧ | ૭૮૧ |
| અડદ | ૧૫૩૧ | ૧૯૨૧ |
| તુવેર | ૧૯૫૧ | ૨૦૯૧ |
| રાયડો | ૧૦૧૧ | ૧૦૧૧ |
| મેથી | ૯૨૫ | ૧૧૨૬ |
| કાંગ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૨૨૬ |
| સફેદ ચણા | ૧૪૫૧ | ૨૮૭૧ |
| મગફળી નવી | ૬૫૦ | ૧૧૬૬ |
| તલ – તલી | ૧૮૦૦ | ૨૬૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૨૧ |
| બાજરો | ૪૨૧ | ૪૭૧ |
| જુવાર | ૬૫૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૧૧ | ૪૧૧ |
| મગ | ૧૨૬૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૩૫૧ | ૧૪૭૧ |
| વાલ | ૫૩૧ | ૨૧૬૧ |
| ચોળા / ચોળી | ૧૫૫૧ | ૧૮૫૧ |
| સોયાબીન | ૭૫૦ | ૮૮૧ |
| ગોગળી | ૫૫૦ | ૧૦૪૧ |
| વટાણા | ૧૧૫૧ | ૨૫૦૧ |
| **મહુવા** | | |
| શીંગ૩૯નવી | ૯૭૭ | ૯૭૭ |
| શીંગ૩૨ | ૧૦૭૧ | ૧૧૦૦ |
| શીંગજી૨૦ | ૯૪૦ | ૧૦૯૧ |
| જુવાર | ૩૫૧ | ૮૩૧ |
| બાજરી | ૪૪૦ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૮૩ | ૬૪૯ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૮૫૯ | ૮૫૯ |
| ચણા | ૧૧૭૮ | ૧૪૪૫ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૬૨૭ |
| તલ કાળા | ૩૨૯૦ | ૩૩૩૩ |
| અજમા | ૧૨૭૬ | ૧૯૩૦ |
| ડુંગળી લાલ | ૧૨૮ | ૯૦૦ |
| ડુંગળી સફેદ | ૩૨૫ | ૩૪૫ |
| નાળીયેર | ૪૯૫ | ૧૭૫૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૭૨૦ | ૧૬૦૫ |
| બાજરો | ૩૦૦ | ૪૮૫ |
| જુવાર | ૬૦૦ | ૭૩૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૯૦ |
| મગ | ૧૧૭૦ | ૧૬૨૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૬૯૦ |
| ચોળી | ૧૦૦૦ | ૨૮૯૦ |
| ચણા | ૮૫૦ | ૧૪૮૫ |
| મગફળીજીણી | ૯૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૬૬ |
| તલ | ૨૨૦૦ | ૨૫૧૦ |
| રાયડો | ૯૯૦ | ૧૦૭૦ |
| લસણ | ૨૦૫૦ | ૫૮૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૭૦૫ |
| અજમો | ૨૨૨૫ | ૩૩૭૫ |
| ધાણા | ૪૫૦ | ૯૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૦૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૩૪૫ |

## શબ્દ સંજોગ-૧૮૬૫



**આડી ચાવી :**
(૧) એક રાશિ (૩)
(૪) એક રંગ (૨)
(૫) મારી....તો સાંભળો (૨)
(૭) ...મટી એટલે વૈદ વેરી (૩)
(૮) એક અંગ્રેજી વજન (૩)
(૯) ખાંડવાનો નાનો દસ્તો (૩)
(૧૦) એક વૃક્ષ (૩)
(૧૩) પ્રથમ ટી.વી. પ્રસારણ કેન્દ્ર (૨)
(૧૫) અલગ, ભિન્ન (૨)
(૧૬) એક જ વ્યકિત પગે ચાલીને જઈ શકે તેવો રસ્તો (૩)
(૧૮) દૂધી (૨)
(૧૯) નાનો વહાળો (૩)
(૨૦) મુંબઈનુ એક પરુ (૨)
(૨૨) દીવો, અજવાળુ (૧)
(૨૪) એક રાગ (૩)
(૨૭) જગત, દુનિયા (૨)
(૨૮) દશા, હમણા (૨)
(૨૯) ફતેહ (૩)
(૩૦) કીડીને કણ ને હાથીને ? (૨)

**ઉભી ચાવી :**
(૧) પાણીમાં રહેતુ એક હિંસક પ્રાણી (૩)
(૨) સુથારનુ ઓજાર (૪)
(૩) શિયાળામાં ઓછો (૩)
(૪) ઘઉંની એક વાનગી (૩)
(૫) શરીરની ત્રણ ધાતુઓમાંની એક (૨)
(૬) એક તેલી બી (૨)
(૮) વિદેશી દારૂ (૨)
(૧૧) એક શાકભાજી, જેનો સૂપ સ્વાસ્થ્ય માટે સારો (૪)
(૧૨) અનિલ કપૂર, શ્રીદેવી ઉર્મિલાની ફિલ્મ (૩)
(૧૩) એક વૃક્ષ (૩)
(૧૪) એક નક્ષત્ર (૩)
(૧૫) એક મહિનો (૨)
(૧૭) એના કરતા પાતળુનો અર્થ (૩)
(૨૧) પાસા ફેકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૩) એક ગુજરાતી માસ (૩)
(૨૫) એક વાર (૨)
(૨૬) એક અંગ્રેજી આલ્ફાબેટ (૨)
(૨૭) યમ, યમદેવ (૨)

## શબ્દ સંજોગ-૧૮૬૪ જવાબ

**આડી ચાવી:** (૧) વગર (૩) શકટ (૭) મકર (૮) કદ (૯) નજર (૧૧) જમણ (૧૩) દમન (૧૪) નકલ (૧૬) કવન (૧૯) સર (૨૦) લસણ (૨૨) રખપત (૨૪) સક(કસ) (૨૬) તરસ (૨૮) ખમણ (૨૯) મનન (૩૦) રમલ.

**ઊભી ચાવી:** (૧) વદન (૨) ગરજ (૩) શક (૪) કરજ (૫) મદ (૮) કણક (૧૦) રદન (૧૨) મન (૧૫) લવ (૧૬) કસર (૧૭) વરખ (૧૮) પણછ (૨૦) લતર(રતલ) (૨૧) કસમ (૨૩) પતન (૨૫) કણક (૨૭) સર (૨૮) ખલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### જાહેર હિતને ધ્યાને લઈ ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે

# પ્લાનીંગ રેગ્યુલેશનની CGDCRમાં જોગવાઈ માટે રાજય સરકારનો નિર્ણય

ગાંધીનગર,તા.૦૬

રાજ્યના વિવિધ શહેરોમાં સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી એરિયા અને શોપીંગ મોલ તેમજ શોપીંગ કોમ્પ્લેક્ષ જેવા કોમર્શિયલ બાંધકામોમાં પણ ગેમીંગ એક્ટિવિટી એરિયા વિકસિત થઈ રહ્યાં છે. મુખ્યમંત્રીએ આવા ગેમીંગ એક્ટિવિટી એરિયામાં એકત્રિત થતી વધુ પડતી ભીડના સંદર્ભમાં જાહેર સલામતી, જાહેર સુરક્ષા અને જાહેર હિત ધ્યાનમાં લઈને ગેમીંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની મહત્વની જોગવાઈઓ CGDCRમાં કરવાના જનહિતલક્ષી નિર્ણય કર્યા છે. ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈઓ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે CGDCRમાં આ અંગેની જે જોગવાઈઓ કરી છે તેમાં ગેમીંગ એક્ટિવિટી એરિયાના બાંધકામ માટે રસ્તાની પહોળાઈ, મિનિમમ એરિયા, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયો તથા લેવાની થતી વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ થાય છે. એટલું જ નહિ, સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં જાહેર સલામતીને ધ્યાને રાખીને અલગ અલગ એન્ટ્રી તથા એક્ઝિટ, ઈમરજન્સી એક્ઝિટ અને રેફ્યુજ એરીયાની જોગવાઈઓ પણ કરવામાં આવી છે. ગેમીંગ ઝોન



એક્ટિવિટીના સ્થળે BU સર્ટિફિકેટ, ફાયર NOC તથા અન્ય તમામ લાયસન્સ, સર્ટિફિકેટ, NOC, પરમિટ વગેરે પ્રદર્શિત કરવાના રહેશે એવુ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આ નવા રેગ્યુલેશનમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, અગાઉ મેળવેલ વિકાસ પરવાનગી/ બી.યુ. પરવાનગીવાળા બાંધકામોમાં ઉપયોગ શરૂ કરતાં પહેલાં નવા રેગ્યુલેશન અનુસાર રિવાઈઝ્ડ પરવાનગી મેળવી લેવાની રહેશે. પરવાનગી વિના વપરાશ ચાલુ કર્યો હોય તો તેના માટે દંડ લેવાની જોગવાઈ પણ CGDCRના નવા રેગ્યુલેશન્સમાં કરવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીએ આપ્યા છે. રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિ હોનારત પછી ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈ કરવી ખૂબ મહત્વની હોઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બાબતના નિયમો બનાવવાનો નિર્ણય જાહેર હિતમાં કર્યો છે.

# ગરમલીમાં દીપડાનો ભોગ બનનાર બાળકના પરિવારને સહાય



અમરેલી,તા.૦૬

ધારીના નાની મોટી ગરમલી ખાતે રહેતા પરપ્રાંતિય વિપુલભાઈ બકુભાઈ ભાભોરના પુત્રનું વન્યપ્રાણી દીપડા દ્વારા હુમલો થતા મૃત્યુ થયું હતું. આ પરિવારને ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે રૂ.પાંચ લાખનો ચેક આપવામાં આવ્યો હતો. આ તકે વન વિભાગના અધિકારીઓ, ગામ અગ્રણીઓ સહિતના હાજર રહ્યાં હતા.

# ચલાલા હરિબા મહિલા કોલેજ સહિતની શાળામાં શિક્ષકદિન ઉજવાયો

**સુંદર શિક્ષણ આપનાર બાળકોને પ્રોત્સાહિત કરાયા**



અમરેલી,તા.૦૬

ચલાલા ખાતે હરિબા મહિલા કોલેજ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરુકુળમાં પાંચમી સપ્ટેમ્બર ડો.સર્વોપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિતે શિક્ષક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ, શાળા તથા ગુરુકુળના વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા સુંદર રીતે નિભાવી હતી. સુંદર શિક્ષણ આપનારને નંબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# જાફરાબાદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૩૫૧ બોટલ વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

અમરેલી,તા.૦૬

અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. અલ્પેશ પટેલની ટીમે જાફરાબાદ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન માહિતી મળતા બાઈકમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા એક ઈસમને ઝડપી લીધો હતો. જ્યારે બે ઈસમો રેડ દરમિયાન નાસી છૂટ્યા હતા. આરોપી પાસેથી નાની-મોટી વિદેશી દારૂની ૩૫૧ જેટલી બોટલો કિં.રૂ.૫૫,૮૨૦ અને બે બાઈક, મોબાઈલ સહિત કુલ રૂ.૧,૨૫,૮૨૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુનો નોંધવામાં આવ્યો છે. ભરત ઉકાભાઈ શિયાળ રહેવાસી ખત્રીવાડા તા.ઉના જી.ગીર સોમનાથની ધરપકડ કરવામાં આવી છે. અન્ય ૨ આરોપી ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ખત્રીવાડાના રહેવાસી શિવા બાબુભાઈ શિયાળ, ધના બાબુભાઈ શિયાળ રેડ દરમિયાન ફરાર થતા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.



# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શિક્ષકદિન ઉજવાયો




અમરેલી,તા.૦૬

અમરેલીના લાઠી રોડ પર આવેલ શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ શિક્ષક બની બાળકોને ભણાવ્યા હતા.

આ તકે સંસ્થાના સંચાલક દિપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ હાજરી આપી પ્રવચન આપ્યું હતું.

# અમરેલી જિલ્લામાં સિંહોના મોત અટકાવવા ૪૫ રેલવે સેવકોને જવાબદારી સોંપતુ રેલવે વિભાગ

(એ.આર.એલ),અમરેલી,તા.૦૬

અમરેલીમાં વનવિભાગ અને રેલવે વિભાગે સિંહોના થતા અકસ્માત અને મોતને અટકાવવા ટેક્નોલોજી બાદ ૪૫ જેટલા રેલવે સેવક અને ટ્રેકર્સને ૨૪ કલાક માટે તૈનાત કરવામાં આવ્યા છે. આ રેલવે સેવકો ટ્રેન આવવાના ૧૫ મિનિટ પહેલા જ એલર્ટ થઈ જાય છે અને ટ્રેક પર ચેકિંગ કરી વન્યપ્રાણીઓને ટ્રેકથી દૂર કરી દે છે. રાજુલા-પીપાવાવની આસપાસ



પણ મોટી સંખ્યામાં સિંહો વસવાટ કરી રહ્યાં છે. દરિયાઈ કિનારે પણ સિંહોએ પોતાના રહેઠાણ બનાવ્યા છે પરિણામે તેમના મોત થતા હોય છે. જેથી હાઈકોર્ટે સરકારને ખખડાવતા તંત્ર હાલ સફાળું જાગ્યું છે.

તંત્રએ રાજુલા, પીપાવાવ પોર્ટ, સાવરકુંડલા સહિતના વિસ્તારમાં અત્યાર સુધીમાં ટ્રેન અડફેટે ૧૮ સિંહોના મોત નિપજ્યા બાદ રેલવે સેવકોને તૈનાત કર્યા છે. તંત્રએ હમણાં વનવિભાગના ટ્રેકરથી લઈ રેન્જ ફોરેસ્ટ ઓફિસર કક્ષાના અધિકારીઓને રેલવે ટ્રેક પર સિંહોના થતા અકસ્માત અટકાવવા એલર્ટ કર્યા છે. રેલવે ટ્રેક આસપાસ ૧૨ વોચ ટાવર ઉભા કરવામાં આવ્યા છે. ટ્રેક નજીક ૪૫ સેવકોને સિંહોની સુરક્ષા માટે એલર્ટ કરવામાં આવ્યા છે.

# ડોળાસાની દીકરી ટેનીસ ટુર્ના. માટે કંબોડીયા દેશમાં રમવા જશે




ડોળાસા,તા.૦૬

મૂળ ડોળાસા અને હાલ જૂનાગઢ રહેતા દીપકભાઈ બાલુભાઈ કાનાબારની પુત્રી જેન્સી કાનાબારે કંબોડિયા દેશ ખાતે એશિયાની સૌથી મોટી ટેનિસ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા પસંદગી પામી ડોળાસા ગામ તેમજ સમગ્ર રઘુવંશી પરિવારનું ગૌરવ વધાર્યુ છે. જેન્સી કાનાબાર રમત-ગમત ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરે તેવા લોકોએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા છે.

# ઉના નજીક ગીરગઢડા રોડ પર બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત, એકનું મોત

ઉના, તા.૦૬

ઉના નજીક ગીરગઢડા રોડ પર રાત્રીના સમયે બાઈક અને ટ્રેક્ટર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું ટ્રેક્ટર નીચે દબાઈ જતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જયારે ટ્રેક્ટર ચાલક અકસ્માત સર્જી નાસી ગયો હતો. જોકે આ અકસ્માત સર્જાતાં વાહનમાં આગ ભભુકી ઉઠતા તાત્કાલિક ફાયબ્રિગેડની મદદથી આગને કાબૂમાં લઈ આગ બુઝાવી હતી. ઉનાના વરસિંગપુર ગામે રહેતો કૃણાલ પ્રતાપભાઈ સોલંકી પોતાની બાઈક પર ઉના ગીરગઢડા રોડ પરથી ઘરે જઈ રહ્યો હતો ત્યારે



ટ્રેક્ટર ચાલકે બાઈકને અડફેટે લેતા જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક ટ્રેક્ટરની નીચે આવી જતા તેમનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું. આ અકસ્માત સર્જાતાં સ્થાનિક વાહન ચાલકોએ ટ્રેક્ટર નીચે દબાયેલ યુવકને બહાર કાઢ્યો હતો.

# વન્ય પ્રાણી સુરક્ષા અંતર્ગત ગીર પશ્ચિમ વન વિભાગ દ્વારા તપાસ

ગીર સોમનાથ, તા.૦૬



ગીર પશ્ચિમ વન વિભાગ દ્વારા વન્યપ્રાણીની સુરક્ષાને ધ્યાને લઈને પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ, પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓને સાથે રાખીને ગીર સોમનાથ-જૂનાગઢ જિલ્લાના જંગલ સરહદી વિસ્તારોમાં ખુલ્લા કૂવા, ઈલેકટ્રીક તાર ફેન્સીંગ, રહેઠાણોની જગ્યા સહિતના સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. જેમાં ખેતર, વાડી, ફાર્મહાઉસો, વાડી વિસ્તારમાં ઈલેકટ્રીક તાર, ફેન્સીંગ તેમજ ખૂલ્લા કૂવાઓ, બહારના રાજય/ જિલ્લાના મજૂરોના પડાવો/ દંગાઓ, રહેઠાણો ચેક કરવામાં આવ્યાં હતાં.

# ગીરગઢડાના જૂના ઉગલા, ઉનાના વરસિંગપુર ગામે જમીન પરનું દબાણ દૂર કરવામાં આવ્યું

ઉના, તા.૦૬

જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ ક્ષેત્રિય મુલાકાત દરમ્યાન દબાણ દૂર કરવાની સૂચના આપતા કરોડો રૂપિયાની સરકારી જમીન પરનું દબાણ દુર થયું હતું. ઉનાના વરસિંગપુર ગામે સ્વૈચ્છાએ લોકોએ ૭૪ લાખની જમીન પરનું દબાણ દૂર કર્યું હતું. તેમજ ગીરગઢડાના જૂના ઉગલા ગામે આશરે ૯ કરોડ ૫૦ લાખની ૨,૩૪,૯૭૦ ચો.મી.



તસવીર : કૈલેશ ભટ્ટ

જમીન પરનું દબાણ ખુલ્લું કરવામાં આવ્યું હતું. જુના ઉગલા ગામે અત્યાર સુધીમાં કુલ ૮૦ દબાણદારો દ્વારા દબાણ કરવામાં આવેલી આશરે ૩૯૧૫૦૦ ચો.મી. જમીન જેની કિંમત આશરે રૂ. ૯ કરોડ ૫૦ લાખની જમીન ખુલ્લી કરાવવામાં આવી છે.


## મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૭૬/૨૦૨૪

**અરજદારશ્રીઃ** ૧. મકવાણા બાબુભાઈ પ્રેમજીભાઈ
રહે. ગાધકડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રી દયાબેન બાબુભાઈ મકવાણાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૦ ના રોજ મુ.ગાધકડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


# ધોરાજી નજીક વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ: ત્રણ આરોપીઓ સામે કાર્યવાહી

ધોરાજી, તા.૦૬

રાજકોટ રૂરલ પોલીસની એલસીબી ટીમે ગુરુવારે ધોરાજી નજીક ભૂતવડ ચોકડી પાસેથી મોટી માત્રામાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપી પાડી છે. પોલીસે આ કાર્યવાહીમાં કુલ રૂ. ૧૧,૭૮,૬૪૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રૂરલ એલસીબીના પીઆઈ ઓડેદરાએ જણાવ્યા અનુસાર, બાતમીના આધારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં ૨૫૨ નાની-મોટી વિદેશી દારૂની બોટલો સાથે એક ટ્રક જપ્ત કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં ત્રણ આરોપીઓની



ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓમાં (૧) બજરી રાભજ શર્મા, (૨) રવિભાઈ બાભલ અને (૩) મિલન ભરડિયાનો સમાવેશ થાય છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આ કાર્યવાહી રાજકોટ રૂરલ પોલીસની એલસીબી ટીમે હાથ ધરી હતી. તપાસ દરમિયાન વધુ વિગતો સામે આવવાની શક્યતા છે.


## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં,અમરેલી//-

અપીલ રજી.નં.૩૩/૨૦૨૪

**અરજદાર :-** શ્રી સંજયભાઈ રાઘવભાઈ ગોરાસવા
રહે.૫૦૩, કૃષ્ણનગર, મમતા પાર્ક -૩ પાસે,
કાપોદરા, સુરત, તા. જિ. સુરત- ૩૯૫૦૦૬

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ચિતલ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામના સંજયભાઈ રાઘવભાઈ ગોરાસવા ના પુત્ર આયુષ સંજયભાઈ ગોરાસવાની જન્મ તા. ૦૫/૦૮/૨૦૧૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૫/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**



## મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૧૩૩/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** ગજેરા જયાબેન વિનુભાઈ,
રહે.કૃષ્ણગઢ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી કૃષ્ણગઢ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રી આશાબેન વિનુભાઈ ગજેરાનો જન્મ તા.૦૧/૦૨/૧૯૮૪ ના રોજ મુ.કૃષ્ણગઢ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# લખનૌ-મહમુદાબાદ રોડ પર બે કાર અને ઈ-રિક્ષા વચ્ચે અથડામણમાં ૫ના મોત : ૬ ઈજાગ્રસ્ત

(એ.આર.એલ),લખનૌ,તા.૬




ઉત્તર પ્રદેશના બારાબંકીમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. બે કાર અને ઈ-રિક્ષા વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. આ દરમિયાન ૬ લોકો ઘાયલ થયા છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહોને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. આ દરમિયાન ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માત લખનૌ-મહમુદાબાદ રોડ પર ઈનયાતાપુર ગામ પાસે થયો હતો. ઈનયાતાપુરમાં સાગર પબ્લિક સ્કૂલ છે, જ્યાં ગુરુવારે મોડી રાત્રે એક કાર અને ઈ-રિક્ષા રોડ પર અથડાઈ હતી. દરમિયાન પાછળથી આવતી અન્ય એક કાર પણ આ બંને વાહનો સાથે અથડાઈ હતી, જે અથડાતાં તળાવમાં જઈને પલટી ગઈ હતી. આ દુર્ઘટનાની માહિતી મળતા જ જિલ્લા મેજિસ્ટ્રેટ સત્યેન્દ્ર કુમાર ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઉપરાંત પોલીસ અધિક્ષક દિનેશ કુમાર સિંહ પોતે પણ પોલીસ ફોર્સ સાથે પહોંચ્યા હતા. અધિકારીઓએ ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. એસપી દિનેશ કુમાર સિંહના જણાવ્યા અનુસાર, આ અકસ્માત ગુરુવારે મોડી રાત્રે થયો હતો. આ દુર્ઘટના અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ સત્યેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે અકસ્માતમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. તમામ મૃતકો ઉમરા ગામના રહેવાસી છે. અકસ્માતની માહિતી તેમના પરિવારને આપવામાં આવી હતી. પોલીસ ત્રણેય વાહનોના માલિકોને શોધી રહી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે જ્યારે ઘાયલોની સ્થિતિમાં સુધારો થશે ત્યારે તેમની પાસેથી અકસ્માતની માહિતી લેવામાં આવશે.

# કોલકાતામાં મહિલા તબીબના રેપ-મર્ડર કેસમાં મૃતક અને આરોપીના ડીએનએ મેચ થયા

કોલકતા,તા.૬




કોલકાતામાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના મામલાને લઈને હોબાળો મચી ગયો છે. તમને જણાવી દઈએ કે ગયા મહિને કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં એક મહિલા ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. સીબીઆઈ આ મામલે તપાસ કરી રહી છે. સૂત્રો પાસેથી મળેલી છેલ્લી માહિતી મુજબ સીબીઆઈની તપાસ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આ ઘટનાના મુખ્ય આરોપીને લઈને ઘણા મોટા અપડેટ્સ પણ સામે આવ્યા છે.

આરજી કાર હોસ્પિટલમાં રેપ અને મર્ડર કેસમાં મોટો ખુલાસો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મૃતકના ડીએનએ અને આરોપીના ડીએનએ મેચ થયા છે. વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં થોડો સમય લાગશે. સીએફએસએલ નિષ્ણાતોએ ડીએનએની અલગ પ્રોફાઈલિંગ કરી છે. ડીએનએ અન્ય જપ્ત પ્રદર્શનો સાથે પણ મેળ ખાય છે. અદ્યતન વૈજ્ઞાનિક પરીક્ષણો કર્યા બાદ વિગતવાર રિપોર્ટ સીબીઆઈને આપવામાં આવશે. રિપોર્ટ મળ્યા બાદ સીબીઆઈ આરોપીઓ પર અન્ય સાયન્ટિફિક ટેસ્ટ કરાવવાનું વિચારી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીની તપાસમાં માત્ર સંજય રોય જ બળાત્કાર અને હત્યામાં સંડોવાયેલો હતો અન્ય કોઈ વ્યક્તિ નહીં. સીબીઆઈએ આ કેસમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ લોકોના નિવેદન નોંધ્યા છે. ૧૦ થી વધુ લોકોનો પોલીગ્રાફ ટેસ્ટ સીબીઆઈની એસઓપીનો એક ભાગ હતો જેથી ચાર્જશીટમાં ગુનાનો કોઈ ભાગ અધૂરો ન રહે. સીબીઆઈ તપાસમાં નાનામાં નાની શંકાની પણ પુષ્ટિ કરવા માંગતી હતી. તેથી સીબીઆઈએ ૧૦થી વધુ લોકોના પોલીગ્રાફ ટેસ્ટ કરાવ્યા હતા.

# પ્રયાગરાજમાં નકલી નોટો છાપતા મદરેસાઓ પર કડક કાર્યવાહી કરાઈ

(એ.આર.એલ),પ્રયાગરાજ,તા.૬

શહેરમાં ચલણી નોટો છાપતા મદરેસાઓ પર હવે સકંજો કસવામાં આવી રહ્યો છે. મદરેસાને સીલ કર્યા બાદ મદરેસામાં કરવામાં આવતા ફંડની તપાસ પણ શરૂ કરવામાં આવી છે. પોલીસે મદરેસાના ત્રણ બેંક ખાતા જપ્ત કર્યા છે. પોલીસે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા અને ઈન્ડિયન બેંકમાં મદરેસાના ખાતાને સંપૂર્ણપણે જપ્ત કરી લીધા છે. હવે મદરેસા મેનેજમેન્ટ આ ખાતાઓમાં જમા થયેલા પૈસાનો ઉપયોગ કરી શકશે નહીં. પોલીસે બેંક પાસેથી બેંક એકાઉન્ટ ખોલાવ્યા ત્યારથી અત્યાર સુધીમાં કેટલી રકમ અને ક્યાંથી મોકલી છે તેની વિગતો પણ માંગી છે. પ્રારંભિક તપાસમાં જ બહાર આવ્યું છે કે વિદેશથી બેંકમાં ઘણા પૈસા મોકલવામાં આવી રહ્યા છે અને હાલમાં મદરેસાના બેંક ખાતામાં ૪૦ લાખ રૂપિયા પણ જમા છે.

# મણિપુરમાં સુરક્ષાની કોઈ ગેરંટી નથી, છતાં સંગઠનના સ્વંયસેવકો મક્કમતાથી ઉભા છે : મોહન ભાગવત

## સ્થાનિક લોકો તેમની સમસ્યા અંગે હજુ પણ શંકામાં જીવે છે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૬



મણિપુરમાં શિક્ષણ માટેની ચળવળનું નેતૃત્વ કરનાર અને શિક્ષણના મૂળને મજબૂત કરીને ઘણા વિદ્યાર્થીઓના ભવિષ્યને બદલી નાખનાર શંકર દિનકર કાને (ભૈયાજી તરીકે પણ ઓળખાય છે) નું શતાબ્દી વર્ષ ૫ સપ્ટેમ્બરે ઉજવવામાં આવ્યું હતું. આ અવસર પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું કે, મણિપુરમાં પડકારજનક સ્થિતિ છે અને સુરક્ષાની કોઈ ગેરંટી ન હોવા છતાં, સંગઠનના સ્વયંસેવકો સંઘર્ષગ્રસ્ત મણિપુરમાં મક્કમતાથી ઊભા છે. શંકર દિનકર કાણેના કાર્યોને યાદ કરતાં સંઘના વડાએ કહ્યું કે, વર્ષ ૧૯૭૧ સુધી કેને બાળકોના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું, વિદ્યાર્થીઓને મહારાષ્ટ્ર લાવ્યાં અને તેમના રહેવાની વ્યવસ્થા કરી. મોહન ભાગવતે કહ્યું, મણિપુરમાં સ્થિતિ ખૂબ જ મુશ્કેલ છે, સુરક્ષાની કોઈ ગેરંટી નથી. સ્થાનિક લોકો તેમની સલામતી અંગે શંકામાં છે, જેઓ ત્યાં વ્યવસાય અથવા સામાજિક કાર્ય માટે ગયા છે તેમના માટે પરિસ્થિતિ વધુ પડકારજનક છે, પરંતુ આવા સંજોગોમાં પણ, સંઘના સ્વયંસેવકો મજબૂત રીતે તૈનાત છે અને બંને જૂથોની સેવા કરી રહ્યા છે, રાજ્યમાં સ્થિતિ સામાન્ય અને શાંતિપૂર્ણ બનાવવા માટે અને પ્રયાસ પણ કરી રહ્યા છે.

# મુંબઈના ટાઈમ્સ ટાવરમાં લાગેલી આગમાં ત્રણ શ્રમિકોના થયા મોત

મુંબઈ,તા.૬

મુંબઈના લોઅર પરેલમાં ટાઈમ્સ ટાવરની સાત માળની કોમર્શિયલ ઈમારતમાં આજે સવારે ભીષણ આગ લાગી હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, કમલા મિલ પરિસરમાં સવારે ૬.૩૦ વાગ્યે આગ લાગી હતી. જેમાંથી ૩ મજૂરોના મોત નિપજ્યા છે, જ્યારે ત્રણ મજૂરોની હાલત નાજુક છે અને તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતનું કારણ નિર્માણાધીન એસઆરએ બિલ્ડીંગનો સ્લેબ તૂટી પડ્યો હોવાથી દુર્ઘટના સર્જાઈ હતી. દિંડોશી પોલીસે **BNS**ની કલમ ૧૦૬ (૧) અને ૧૨૫ (એ) ૧૨૫ (બી) હેઠળ ૫ લોકો સામે કેસ નોંધ્યો છે. ફાયર બ્રિગેડે આગને લેવલ-૨ એટલે કે મુખ્ય આગ તરીકે વર્ગીકૃત કરી હતી અને ૯ ફાયર એન્જિન અને અન્ય અગ્નિશામક વાહનોને સ્થળ પર મોકલવામાં આવ્યા હતા.

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી : મુંબઈની ૨૨ સીટો પર ઉદ્ધવ ઠાકરેની શિવસેના લડશે

## ઠાકરે જૂથ દ્વારા ૨૨ ઉમેદવારોની યાદી બહાર પાડવામાં આવી

(એ.આર.એલ),મુંબઈ,તા.૬



મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. આગામી બે મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. મહાવિકાસ અઘાડી જૂથ સહિત તમામ રાજકીય પક્ષોએ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. છેલ્લા કેટલાક દિવસોથી મહાવિકાસ આઘાડીના નેતાઓ મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં બેઠક કરી રહ્યા છે. આ બેઠકમાં સૌ પ્રથમ મુંબઈની બેઠકો અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં દરેક પક્ષ તરફથી અલગ-અલગ દાવા કરવામાં આવ્યા હતા. મુંબઈમાં કુલ ૩૬ વિધાનસભા બેઠકો છે. આ બેઠકોમાંથી શિવસેનાનું ઠાકરે જૂથ ૨૦થી ૨૨ બેઠકો પર ચૂંટણી લડવા ઈચ્છુક છે. ઠાકરે જૂથના સંભવિત ૨૨ ઉમેદવારોની યાદી બહાર આવી છે.

# જમ્મુ-કાશ્મીરમાં ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર, વીજળી, પ્રવાસનને મહત્વ આપવામાં આવશે

શ્રીનગર,તા.૬



કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. શાહ શુક્રવારે બપોરે બે દિવસની મુલાકાતે જમ્મુ પહોંચ્યા હતા. ચૂંટણી ઢંઢેરામાં જાહેરાત કરવામાં આવી છે કે શ્રીનગર શહેરના દાલ તળાવને વિશ્વ કક્ષાના પર્યટન સ્થળ તરીકે વિકસાવશે અને વોટર સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપશે. શ્રીનગરના ટેટૂ ગ્રાઉન્ડમાં એક એન્ટરટેઈનમેન્ટ પાર્ક બનાવવામાં આવશે. -ડોડા, કિશતવાડા, રામબન, રાજૌરી, પુંછ, ઉધમપુર અને કઠુઆના ઉપરના વિસ્તારોમાં પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં આવશે. કાશ્મીર ખીણમાં ગુલમર્ગ અને પહેલગામને આધુનિક પ્રવાસી શહેરો તરીકે વિકસિત કરી અને તેના માટે માળખાકીય સુવિધાઓ વધારવી, તાવી રિવરફ્રન્ટને અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટની તર્જ પર વિકસાવવામાં આવશે. રણજીત સાગર ડેમ બસોહલી (કઠુઆ) માટે અલગ તળાવ વિકાસ સત્તામંડળ બનાવીને પ્રવાસનને પ્રોત્સાહન આપશે.

મૂળભૂત સુવિધાઓના વિકાસ માટે તમામ ગ્રાહકોના બાકી વીજળી અને પાણીના બિલોની સમસ્યાના નિરાકરણ માટે યોજના બનાવશે.

# કોલકાતા આરજી કાર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલના ઘરે ઈડીના દરોડા

કોલકતા,તા.૬




ઈડી એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પશ્ચિમ બંગાળની આરજી કાર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય એજન્સીએ સંદીપ ઘોષના ઘરે દરોડા પાડ્યા છે અને સર્ચ ચાલુ છે. આ સિવાય અધિકારીઓએ રાજ્યમાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા છે. ઈડીએ આ કાર્યવાહી પીએમએલએ કેસ હેઠળ કરી છે. કોલેજના સેમિનાર હોલમાં બળાત્કાર બાદ ક્રૂરતાપૂર્વક હત્યા કરાયેલા ટ્રેઈની ડોક્ટરની લાશ મળી આવી હતી. અહેવાલ છે કે ઘોષ અને તેના નજીકના સહયોગીઓ સાથે જોડાયેલા ૫-૬ સ્થળો પર ઈડીએ દરોડા પાડ્યા છે. આ ઉપરાંત ઈડીના અધિકારીઓ હોસ્પિટલના ડેટા એન્ટ્રી ઓપરેટર પ્રસુન ચેટરજીના ઘરે પણ પહોંચ્યા છે. સીબીઆઈએ મંગળવારે ઘોષની તેમના કાર્યકાળ દરમિયાન ગેરરીતિઓના આરોપસર ધરપકડ કરી હતી. અહીં પશ્ચિમ બંગાળ સરકારે તેમને સસ્પેન્ડ કરી દીધા છે.

# તાલીબાન સત્તામાં આવ્યા બાદ અફઘાનમાં ૧૪ લાખ છોકરીઓને શાળાએ જવા પ્રતિબંધ

(એ.આર.એલ),કાબુલ,તા.૬

ગત વર્ષ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર પાછા ફર્યા. ત્યારથી, આ દેશમાં ઓછામાં ઓછી ૧૪ લાખ છોકરીઓને શાળાએ જવા પર પ્રતિબંધ છે. સંયુક્ત રાષ્ટ્રની સાંસ્કૃતિક એજન્સી યુનેસ્કોના રિપોર્ટ અનુસાર અફઘાનિસ્તાનમાં એક આખી પેઢીનું ભવિષ્ય જોખમમાં છે. ગયા મહિને તાલિબાન શાસનના ત્રણ વર્ષ પૂરા થયા. આ ત્રણ વર્ષમાં ૧૧ લાખથી વધુ છોકરા-છોકરીઓએ અહીં શાળા છોડી દીધી છે. યુનેસ્કોનું કહેવું છે કે શાળાએ જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં આટલો મોટો ઘટાડો ચોંકાવનારો છે. તેનાથી બાળ મજૂરી અને બાળ લગ્નના કેસ વધી શકે છે. એજન્સીએ કહ્યું કે માત્ર ત્રણ વર્ષમાં તાલિબાને અફઘાનિસ્તાનમાં શિક્ષણના ક્ષેત્રમાં વિકાસને સમાપ્ત કરી દીધો છે, જે લગભગ ૨૦ વર્ષથી સારી ગતિએ વધી રહ્યો હતો.

# કેન્યાની શાળામાં આગ લાગતા ૧૭ વિદ્યાર્થીઓ ભડથુ, ૧૩ ગંભીર ઘાયલ

નાઈરોબી,તા.૦૬



કેન્યામાં એક સ્કૂલમાં ભીષણ આગ લાગી હતી. હોસ્ટેલમાં આગમાં જીવતા સળગી જવાથી ૧૭ વિદ્યાર્થીઓના મોત થયા. ૧૩ વિદ્યાર્થીઓ ખરાબ રીતે દાઝી ગયા અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પોલીસ પ્રવક્તાએ અકસ્માતની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું હતું કે દેશની રાજધાની નૈરોબીમાં નાયરી કાઉન્ટી શહેરમાં આવેલી હિલસાઈડ એન્ડરાશા પ્રાઈમરી ખાતે ગુરુવારે મોડી રાત્રે એક વિશાળ આગ ફાટી નીકળી હતી. આગે આખી બિલ્ડીંગને લપેટમાં લીધી હતી, પરંતુ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ પોતાને બચાવી શક્યા ન હતા. તેમણે પોતાનો જીવ બચાવવા કૂદકો માર્યો, પરંતુ આગની જ્વાળાઓથી ઘેરાઈ ગયા, તેથી તે નીચે પડતાં જ તેનું મૃત્યુ થયું. લોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. હોસ્ટેલમાં લાગેલી આગ બુઝાવી દેવામાં આવી છે.


## :: અસલ રજીસ્ટર્ડ ફારગતિ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૮૬ પૈકી સીટી સર્વે નંબર ૧૩૩૧ પૈકી ની કુલ ૯૯-૩૫ ચો.મી. વાળી મીલકત આવેલ છે. જે મીલકત હાલ સોહીલભાઈ ઈસ્માઈલભાઈ નાગાણી, રહે, અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૬૯૨, તા. ૨૪/૩/૨૦૦૦ ના રોજનો અસલ તથા તેની અસલ રજીસ્ટર્ડ રસીદ કે જે જયશ્રીબેન બકુલભાઈ દાવડા ના નામનો અસલ છે. તે અસલમાં ખોવાઈ ગયેલ છે. તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તે હક્ક-હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈપણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અજય જે. રાઠોડ, એડવોકેટ,**
**જુના માર્કટયાર્ડ, પહેલા માળે, હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી.મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**

**તા. ૭/૯/૨૦૨૪**
**અમરેલી**


# 'ઈમરજન્સી' રિલીઝ ન થવા પર કંગના રનૌતનું દુ:ખ, નવી રિલીઝ ડેટ અંગે અપડેટ આપ્યુ

(એ.આર.એલ),મુંબઈ,તા.૬



અભિનેત્રી કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ની રિલીઝ ડેટ આગળ વધારી દેવામાં આવી છે. એવું બનવાનું હતું કે આ ફિલ્મે ૬ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં આવી જશે, પરંતુ તે થઈ શક્યું નહીં અને હવે કંગનાએ ભારે હૃદય સાથે તેની પુષ્ટિ કરવી પડશે. અભિનેત્રીએ આજે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને નવી રિલીઝ ડેટ અંગે અપડેટ પણ શેર કર્યું છે. આટલી ધીરજ રાખવા બદલ શ્રોતાઓનો આભાર પણ માન્યો. 'મારે ભારે હૃદય સાથે જાહેરાત કરવી છે કે મારી નિર્દેશિત ફિલ્મ 'ઈમર્જન્સી' જે આજે રિલીઝ થવાની હતી તે મોકૂફ રાખવામાં આવી છે અને અમે હજુ પણ સેન્સર બોર્ડના પ્રમાણપત્રની રાહ જોઈ રહ્યા છીએ. તમારી સમજણ અને ધીરજ બદલ આભાર. નવી રિલીઝ તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# કુસ્તીબાજ બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટ વિધિવત કોંગ્રેસમાં જોડાયા

## કોંગ્રેસે અમારા આંસુ સમજી ખરાબ સમયમાં સાથ આપ્યો : વિનેશ ફોગાટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૬



હરિયાણા વિધાનસભા ચૂંટણી વચ્ચે કુસ્તીબાજ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાએ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. બંને શુક્રવારે દિલ્હીમાં કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા. આ પહેલા બંને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. કોંગ્રેસમાં જોડાયા બાદ વિનેશ ફોગાટે કહ્યું કે તે અપેક્ષાઓ પર ખરા ઉતરવાનો પ્રયત્ન કરશે. કોંગ્રેસ અમારા આંસુ સમજી ગઈ. ખરાબ સમયમાં તમે જાણો છો કે તમારું કોણ છે. દેશના લોકોની સેવા કરવાનો આ અવસર છે. નવી ઈનિંગ શરૂ કરવી મારા માટે ગર્વની વાત છે. જ્યારે બજરંગ પુનિયાએ કહ્યું કે તેઓ કોંગ્રેસ અને દેશને મજબૂત કરશે. ભાજપ અમારી સાથે ઉભો રહ્યો નથી. કોંગ્રેસમાં આવવાની ટીકા થઈ રહી છે. કોંગ્રેસ પાર્ટીમાં જોડાતા પહેલા વિનેશ ફોગાટે રેલવેમાંથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસ પાર્ટીએ ઈન્સ્ટાગ્રામ પર બંને સાથેની તસવીર શેર કરી છે.

## મહોત્સવ દરમિયાન અનેક ધાર્મિક કાર્યક્રમનું આયોજન

# અમરેલી જિલ્લામાં આજથી ગણેશ ઉત્સવનો પ્રારંભ, ભક્તોમાં થનગનાટ

અમરેલી,તા.૦૬

આજ શનિવારથી વિઘ્નાહર્તા દેવ ગણેશજીના મહોત્સવનો ઉત્સાહભેર પ્રારંભ થઈ રહ્યો છે. શહેર અને જિલ્લામાં ગણેશોત્સવના આયોજનો થનાર હોય શહેરમાં વિવિધ વિસ્તારોમાં અલગ અલગ મંડળો અને સંસ્થાઓ દ્વારા ગણેશ મહોત્સવના ભવ્ય આયોજનો કરવામાં આવનાર છે. નાની મૂર્તિઓ માટે બજારમાં રેડીમેઈડ અવનવી ડિઝાઈનના સિંહાસનો ઉપલબ્ધ છે. દુંદાળા દેવની મૂર્તિ ખરીદવા માટે ભક્તોની લાઈન લાગી હતી. જેના પંડાલ ઉભા કરવા સહિત શણગારવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરના ચિત્તલ રોડ, લાઠી રોડ, ચક્કરગઢ રોડ સહિત અનેક વિસ્તારોમાં ગણેશોત્સવના વિશાળ આયોજનો થનાર છે જેની તૈયારીઓને આયોજકો દ્વારા આખરી ઓપ આપવામાં આવી



રહ્યો છે. અનંત ચતુર્દશીના દિવસે સાર્વજનિક સ્થળોના ગણેશજીનું વિસર્જન કરવામાં આવશે. ઘરમાં સ્થાપિત ગણેશજીનું ત્રીજા, પાંચમા કે સાતમા દિવસે વિસર્જન કરવામાં આવશે. ગણેશ મહોત્સવ અંતર્ગત ભગવાન સત્યનારાયણની કથા, રક્તદાન કેમ્પ, રાસ-ગરબા, મ્યુઝિક વગેરેના કાર્યક્રમનું અનેક સ્થળોએ આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ મહોત્સવ ગણેશ ચતુર્થીથી અનંત ચતુર્દશી સુધી એટલે કે ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ ચૌદસ સુધી ૧૧ દિવસ ચાલે છે. ગણેશ મહોત્સવ અંતર્ગત દરરોજ સવારે ગણેશજીની પૂજા, આરતી કરાશે. બપોરે ભોગ આરતી અને સાંજે સંધ્યા આરતી કરવામાં આવશે. ગણેશજીને અતિ પ્રિય એવા મોદકની પ્રસાદી ધરવામાં આવશે. મીઠાઈની દુકાનોમાંથી ચૂરમાના લાડુ તેમજ વિવિધ મોદકની લોકો ધૂમ ખરીદી કરી રહ્યા છે. ગણેશજીના મહોત્સવને ઉજવવા માટે અમરેલી શહેર અને જિલ્લાવાસીઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે.

# જાફરાબાદની હુસેની બોટની જળસમાધિ: ૮ ખલાસીઓનો બચાવ

અમરેલી,તા.૦૬

જાફરાબાદ બંદર વિસ્તારમાં મોટી સંખ્યામાં માછીમારો વસવાટ કરી રહ્યા છે. ત્યારે દરિયામાં બોટ ડૂબવાની અકસ્માતની ઘટનાઓ પણ સામે આવતી હોય છે. આજે આવી જ એક ઘટના સામે આવી છે. જાફરાબાદના સીદીકભાઈની હુસેની નામની બોટમાં ૮ ખલાસીઓ સવાર હતા. ત્યારે દરિયાની અંદર અકસ્માતે બોટ દરિયામાં ડૂબી ગઈ હતી. બોટ પલટી મારતા ૮ ખલાસીઓના જીવ જોખમમાં મુકાયા હતા. આ દરમ્યાન જાફરાબાદની બોટ પસાર થતી હોવાને કારણે ૮ ખલાસીઓને તેમની બોટમાં અંદર બેસાડી બચાવી લેવાયા હતા. હુસેની નામની બોટ દરિયામાં ડૂબી ગઈ છે. ૮ ખલાસીઓનો બચાવ થયો છે તેમને અન્ય બોટમાં જાફરાબાદ લાવી રહ્યા છે. મધ દરિયામાં ઘટના બની હોવાને કારણે વહેલી સવાર સુધીમાં જાફરાબાદ બંદર પર વતન લવાશે. હાલ જાફરાબાદ માછીમાર સમાજના આગેવાનોના સંપર્કમાં છે જેથી માછીમાર લોકોએ રાહત અનુભવી છે. જાફરાબાદ માછીમાર સમાજ અગ્રણી કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું કે, એક બોટ ડૂબી હતી પરંતુ ૮ ખલાસીઓને અન્ય બોટની મદદથી બચાવી લીધા છે. તેની બોટમાં બેસાડી દીધા છે તે ખલાસીઓ જાફરાબાદ આવી જશે સુરક્ષિત છે.

# જૂનાગઢમાં અમદાવાદની ગોલ્ડ પેઢીના કર્મચારી પાસેથી રૂ. ૧ કરોડની લૂંટ

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૬

જૂનાગઢમાં એક કરોડથી વધુની રકમની લૂંટથી ચકચાર મચી ગઈ છે. અમદાવાદની પેઢીનાં કર્મચારીઓને કેટલાક અજાણ્યા શખ્સોએ હથિયારોનાં જોરે લૂંટી લીધા હતા. આ ઘટનામાં અંદાજે ૧ કરોડથી વધુની રકમની લૂંટ થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જૂનાગઢનાં બાંટવા સરાડીયા રોડ પર એક એવી ચોંકાવનારી ઘટના



બની કે શહેર પોલીસને ત્વરિત વિવિધ ટીમ બનાવીને નાકાબંધી કરવાની ફરજ પડી હતી. બાંટવા સરાડીયા રોડ પર શંકાસ્પદ લૂંટની ઘટના બની છે. અમદાવાદની કલા ગોલ્ડ નામની પેઢીનાં કર્મચારીઓ જૂનાગઢ કોઈ કામ અર્થે આવ્યા હતા. દરમિયાન, બાંટવા સરાડીયા રોડ નજીક કેટલાક અજાણ્યા શખ્સો હથિયારો સાથે તેમની પાસે આવ્યા હતા અને ધાકધમકી આપી હતી. આરોપીઓએ પેઢીનાં કર્મચારીઓને જાનથી મારી નાખવાની ધમકી આપીને તેમની પાસેથી રોકડ અને કિંમતી દાગીનાની લૂંટ કરી ફરાર થયા હતા. આ મામલે પેઢીનાં કાર્મચારીઓએ ત્વરિત વિસ્તારનાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજ્ય કર્મચારી મહામંડળ મોદીના જન્મદિવસે, પેન ડાઉન અને શટ ડાઉન કાર્યક્રમથી બહિષ્કાર કરશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૬

વડાપ્રધાન મોદીના જન્મદિવસે રાજ્યમાં સરકારી કર્મચારીઓ આંદોલન કરશે તેવા એંધાણ છે. રાજ્ય કર્મચારી મહામંડળે એલાન કર્યું છે કે ૧૭મી સપ્ટેમ્બરે પેન ડાઉન અને શટ ડાઉન કાર્યક્રમ દ્વારા કામગીરીનો બહિષ્કાર કરાશે. એટલું જ નહીં, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ પણ આવતા મહિને રાજ્યના દરેક ઝોનમાં સરકારી કર્મચારીઓ વિરોધ નોંધાવશે. રાજ્યનાં કર્મચારીઓની માંગ છે કે ૨૪ હજાર શિક્ષકો અને બીજા કર્મચારીઓ સહિત કુલ ૬૦ હજારથી વધુ કર્મચારીઓને જૂની પેન્શન સ્કીમ અંતર્ગત પેન્શન ફાળવવામાં આવે. સરકારે બે વર્ષ અગાઉ જૂની પેન્શન યોજના હેઠળ પેન્શન આપશે તેવી જાહેરાત કરી હતી. કર્મચારીઓની માંગણી છે કે સમાધાન મુજબ નોટિફિકેશન બહાર પાડવામાં આવે તેમજ વૈકલ્પિક ફોર્મ ભરાવવામાં આવે. જ્યારે યોજનાનું એલાન કરવામાં આવ્યું ત્યારે જે તે સમયે તત્કાલિન પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણી, હર્ષ સંઘવી, જગદીશ વિશ્વકર્મા, કનુ દેસાઈ, બ્રિજેશ મેરજા સાથેની વિસ્તૃત બેઠક બાદ જ નિર્ણય લેવાયો હતો.






# ગુજરાતના તમામ રેશનકાર્ડધારકોને આધારકાર્ડ સાથે e-KYC કરવા અનુરોધ

ગાંધીનગર,તા.૦૬

કેન્દ્ર સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ગુજરાત સહિત તમામ રાજ્યના લાભાર્થીઓના-જનસંખ્યાના રેશનકાર્ડને આધાર નંબર સાથે સીડ કરી સાચા અને તે જ વ્યક્તિના આધાર નંબરો સીડ થાય તે માટે ૧૦૦ ટકા e-KYC સમયમર્યાદામાં પૂર્ણ કરવા દેશવ્યાપી ઝુંબેશ હાથ ધરાઈ છે. આ ઝુંબેશમાં સહભાગી થઈને e-KYC કરાવવા રેશનકાર્ડ ધરાવતા લાભાર્થીઓને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. બાકીના રેશનકાર્ડ લાભાર્થીઓની e-KYC પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રેશનકાર્ડ ધારકો હવે સરળતાથી ઘરેબેઠાં 'MY RATION' મોબાઈલ એપ્લિકેશન થકી e-KYC કરી શકે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ મામલતદાર- ઝોનલ કચેરીમાં, ગ્રામીણ સ્તરે ઈ-ગ્રામ કેન્દ્રમાં V.C.E દ્વારા 'આધાર' આધારિત



બાયો-મેટ્રિક પ્રમાણીકરણ તેમજ 'PDS+' મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને 'આધાર' આધારિત 'ફેસ ઓથેન્ટિકેશન' દ્વારા આમ, ત્રણ રીતે e-KYC કરાવી શકે છે.











# વરસાદ બાદ રોગચાળાને કારણે લખપતના બેખડા ગામે એક જ પરિવારના ૪ લોકોના મોત

(એ.આર.એલ),ભુજ,તા.૬

તાજતેરમાં કચ્છમાં પડેલ વરસાદે ભારે તારાજી સર્જી છે. ત્યારે વરસાદ બાદ રોગચાળાએ કચ્છને બાનમાં લીધું છે. લખપત તાલુકાનાં બેખડા ગામે એક જ પરિવારનાં ચાર લોકોનાં મોત થવા પામ્યા હતા. વરસાદમાં ભીંજાયા બાદ ત્રણેય યુવાનોને ન્યૂમોનિયા થયો હતો. જે બાદ ત્રણેય યુવકોને સારવાર અર્થે ભુજ અને અમદાવાદ ખસેડાયા હતા. તેમ છતાં પણ ત્રણેય યુવાનોને બચાવી શકાયા ન હતા. ત્રણેય યુવાનોનાં મોતનાં સમાચાર સાંભળતા જ તેઓનાં મામાનું પણ હાર્ટ એટેકથી મોત નિપજ્યુ હતું. માત્ર ૮૦૦ ની વસ્તી ધરાવતા ગામમાં ૪ જનાજા ઉઠતા સમગ્ર વિસ્તાર શોકમગ્ન બન્યો હતો. આ સમગ્ર બાબતે બેખડા ગામનાં આગેવાન આરબ જતે જણાવ્યું હતું કે ગામનાં શકુર મામદ જત, તેમનાં કાકા મુસ્તાક લુકમાન જત અને ૧૮ વર્ષીય જુણસ મામદ જત થોડા દિવસ પહેલા પડેલ વરસાદ દરમ્યાન પશુઓ સાથે ગામનાં સીમાડે ગયા હતા. વરસાદમાં તેઓ પલળ્યા હતા. જે બાદ તેઓને તાવ આવ્યો હતો. જે બાદ તેઓએ પ્રથમ ગામમાં જ પ્રાથમિક સારવાર લીધી હતી. પરંતુ તેઓની હાલત વધુ ગંભીર બનતા તેઓને વધુ સારવાર અર્થે ભૂજ તેમજ અમદાવાદ ખસેડાયા હતા.







